RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 225 Dt. 7-12-2024 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# સરકારને ૪૮ કલાકનું ખેડુત અલ્ટીમેટમ

## કૃષિ મંત્રી સાથે બેઠક કરવા ઉગ્રમાંગ : શંભુ બોર્ડર પર થયો હંગામો , ખેડૂતોએ તોડી નાખ્યા બેરીકેટ



### રવિવારે બપોરે ૧૨ વાગ્યે દિલ્હી જશે

ખેડૂત આગેવાનોએ કહ્યું કે જ્યારે ભારતીયો વિદેશી શક્તિઓ પાસેથી અનાજની ભીખ માગતા હતા ત્યારે અમે સખત મહેનત કરીને ભારતને અનાજને લાયક બનાવ્યું હતું. આ આપણી નૈતિક જીત છે. અમે વાતચીતથી ભાગવાના નથી. અમે આવતીકાલે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ અમારી કૂચ શરૂ કરીશું. અમે આજે અને આવતી કાલ માટે કૂચ મોકૂફ રાખી છે કારણ કે સરકારે મંત્રણા માટે અમારો સંપર્ક કર્યો છે.

નવીદિલ્હી, તા. ૬

૧૦૧ ખેડૂતોના એક જૂથે શુક્રવારે પંજાબ અને હરિયાણા સરહદની શંભુ બોર્ડરથી દિલ્હી તરફ પગપાળા કૂચ શરૂ કરી હતી, પરંતુ તેમને બેરિકેડ દ્વારા થોડા મીટર પછી અટકાવવામાં આવ્યા હતા. હરિયાણા પોલીસે ખેડૂતોને આગળ ન વધવા કહ્યું અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (ઇગજ્જ) ની કલમ ૧૬૩ હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધક આદેશોને ટાંક્યા. આ દરમિયાન શંભુ બોર્ડર પર હંગામો થયો હતો. જ્યારે ખેડૂતોએ બેરિકેડ તોડી નાખ્યા હતા, ત્યારે પોલીસે ખેડૂતોને રોકવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. હકીકતમાં, ૧૧ મહિનાથી ઉભા રહેલા ખેડૂતોએ આજે શંભુ બોર્ડરથી પગપાળા દિલ્હી તરફ કૂચ શરૂ કરી હતી. અંબાલાની શંભુ બોર્ડરથી ૧૦૧ ખેડૂતોનું એક જૂથ દિલ્હી જવા રવાના થયું હતું, પરંતુ પોલીસે તેમને અટકાવ્યા કારણ કે ખેડૂતોને દિલ્હી જવાની પરવાનગી મળી નથી. આ પછી ખેડૂતોએ બેરિકેડ અને કાંટાળી તાર ઉખેડી નાખ્યા. આના પર હરિયાણા પોલીસે તેમને ચેતવણી આપી અને ટીયર ગેસના શેલ છોડ્યા, જેમાં ૭ ખેડૂતો ઘાયલ થયા.

આ કાર્યવાહી બાદ સર્વન સિંહ પંઢેરે કહ્યું કે ખેડૂત સંગઠનોના બે મંચ, યુનાઈટેડ કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચા, એક બેઠક બાદ આગળના પગલા વિશે નિર્ણય લેશે. ૧૦૧ ખેડૂતોના એક જૂથે શુક્રવારે પંજાબ અને હરિયાણા સરહદની શંભુ સરહદથી દિલ્હી તરફ પગપાળા કૂચ શરૂ કરી હતી, પરંતુ બહુ-સ્તરીય બેરિકેડ દ્વારા તેમને થોડા મીટર પછી અટકાવવામાં આવ્યા હતા. સુરક્ષા કર્મચારીઓએ વિરોધ કરી રહેલા ખેડૂતોને વિખેરવા અને તેમને તેમના વિરોધ સ્થળ પર પાછા ફરવા દબાણ કરવા માટે ટીયરગેસના અનેક રાઉન્ડ ફાયર કર્યા હતા. ખેડૂત આગેવાનોએ દાવો કર્યો હતો કે કેટલાક ખેડૂતો ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

હરિયાણા પોલીસે ખેડૂતોને આગળ ન વધવા કહ્યું અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (ઇગજ્જ) ની કલમ ૧૬૩ હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધક આદેશોને ટાંક્યા. અંબાલા જિલ્લા વહીવટીતંત્રે જિલ્લામાં પાંચ કે તેથી વધુ વ્યક્તિઓના ગેરકાયદેસર ભેગા થવા પર પ્રતિબંધ મૂક્યો છે. ખેડૂતો પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ની કાયદેસર ગેરંટી માંગીને કેન્દ્ર પર દબાણ લાવવા માટે કૂચ કરી રહ્યા છે. વિવિધ ખેડૂત સંગઠનોના ધ્વજ સાથે કેટલાક ખેડૂતોએ ઘગ્ગર નદી પર બનેલા પુલ પર સુરક્ષાકર્મીઓ દ્વારા લગાવેલી લોખંડની જાળીને નીચે ધકેલી દીધી હતી.

પંજાબ અને હરિયાણાની (શંભુ) બોર્ડર પર અટવાયેલા ખેડૂતો હવે રવિવારે દિલ્હી તરફ કૂચ કરવાનો પ્રયાસ કરશે. આ જાહેરાત ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેર દ્વારા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે પહેલા કેન્દ્ર અને રાજ્યના મંત્રીઓ કહેતા હતા કે ખેડૂતો ટ્રેક્ટર પર આવે છે, પરંતુ હવે અમે પગપાળા જઈ રહ્યા છીએ, જો અમે દિલ્હી જઈ શક્યા હોત તો પીએમ પાસે જઈને પ્રશ્નો પૂછ્યા હોત. પંઢેરે કહ્યું કે અમારા પર જે રીતે હુમલો કરવામાં આવ્યો તે અમારી નૈતિક જીત છે. અમે વાતચીત માટે તૈયાર છીએ, અમે પહેલા પણ તૈયાર હતા, અમે કેન્દ્રના કૃષિ મંત્રી સાથે વાત કરવા માંગીએ છીએ. આ સાથે તેણે જાહેરાત કરી હતી કે આ જૂથ આજે એટલે કે શનિવારે નહીં જાય. હવે અમે રવિવારે પ્રવાસ કરીશું.

### ૧૭.૪૭ લાખ ખેડૂતોના બનાવ્યા ID : લક્ષ્યના ૨૫ ટકા કામ પૂર્ણ

# કિશાન પહેચાન પત્રમાં ગુજરાત અવ્વલ

અમદાવાદ, તા. ૬

કિસાન પહેચાનપત્ર અભિયાન અંતર્ગત જે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો હતો તેમાં ૨૫ ટકા લક્ષ્ય ગુજરાતે જ પૂર્ણ કરી દીધો છે. ગુજરાત ખેડૂતોની રજિસ્ટ્રી બનાવવા માટે કેન્દ્રના પ્રોત્સાહનનો લાભ મેળવનાર પ્રથમ રાજ્ય બનવાની તૈયારીમાં છે. કૃષિ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાતના અધિકારીઓએ તેમને જાણ કરી છે કે રાજ્ય મૂડી રોકાણ ૨૦૨૪-૨૫ માટે રાજ્યની વિશેષ સહાય યોજના હેઠળ ભંડોળ મેળવવા માટે આગામી થોડા દિવસોમાં ઔપચારિક દરખાસ્ત મોકલશે.




કૃષિ મંત્રાલયના અધિકારીના જણાવ્યા અનુસાર, ૫ ડિસેમ્બર સુધી, ગુજરાતે ૧૭.૪૭ લાખ ખેડૂતો માટે ખેડૂત ID જનરેટ કર્યા હતા - જે ૬૬.૨૧ લાખ ખેડૂતોના લક્ષ્યાંકના એક ચતુર્થાંશ છે. અધિકારીએ કહ્યું કે ૨૫% લક્ષ્ય હાંસલ કરનાર આ દેશનું પ્રથમ રાજ્ય છે. કિસાન આઈડી, જેને કિસાન પહેચાન પત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક આધાર આધારિત અનન્ય ડિજિટલ ઓળખ છે જે ખેડૂતોની નોંધણીનો મુખ્ય ભાગ બનશે જે ડિજિટલ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે કેન્દ્રના ડિજિટલ એગ્રીકલ્ચર મિશનની એગ્રિસ્ટેક પહેલનો ભાગ હશે. એગ્રીકલ્ચર સેક્ટર ઘટક હેઠળની ત્રણ રજિસ્ટ્રીમાંથી એક છે, જેને આ વર્ષની શરૂઆતમાં કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળી હતી. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે ૨૩ જુલાઈએ તેમના બજેટ ભાષણમાં જાહેરાત કરી હતી કે ચાલુ નાણાકીય વર્ષમાં ૬ કરોડ ખેડૂતો અને તેમની જમીનો ખેડૂત/જમીન રજિસ્ટ્રીમાં લાવવામાં આવશે, કેન્દ્રએ પણ રાજ્યોને મૂડી રોકાણ માટે વિશેષ સહાય યોજનાની જાહેરાત કરી છે. ૨૦૨૪-૨૫ આ હેઠળ, ખેડૂતોની રજિસ્ટ્રી બનાવવા માટે પ્રોત્સાહન તરીકે ૫,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. આ માર્ગદર્શિકા ૯ ઓગસ્ટના રોજ રાજ્યોને મોકલવામાં આવી હતી. માર્ગદર્શિકા મુજબ, રાજ્યના ખેડૂતોની રજિસ્ટ્રી બનાવવા માટેનું ભંડોળ 'પ્રથમ આવો-પહેલા-પાસે'ના ધોરણે ઉપલબ્ધ થશે, રાજ્યો ઓછામાં ઓછા ૨૫% કવરેજ પ્રાપ્ત કર્યા પછી જ પ્રોત્સાહનો મેળવવા માટે પાત્ર છે. પ્રોત્સાહક રકમ દરેક માઇલસ્ટોનના પ્રમાણમાં છેઃ ઉત્પાદન લક્ષ્યના ૨૫% પાર કરવા પર ખેડૂત દીઠ રૂ. ૫૦૦; ૫૦% પછી રૂ. ૭૫૦; ૭૫% પછી રૂ. ૧,૨૫૦; અને ૧૦૦% પર રૂ. ૧,૭૫૦.

# વ્યાજદર ૧૧મી વખત યથાવત

### મોંઘવારીને અંકુશમાં લાવા RBI કરી રહી છે મથામણ : દાસ

નવીદિલ્હી, તા. ૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ અપેક્ષા મુજબ છે અને કેશ રિઝર્વ રેશિયો (CRR)માં ઘટાડો વૃદ્ધિને ટેકો આપશે. શુક્રવારે નિષ્ણાતોએ આ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. ફુગાવાના જોખમને ટાંકીને, રિઝર્વ બેંકે શુક્રવારે તેના મુખ્ય વ્યાજ દરમાં કોઈ ફેરફાર કર્યો ન હતો, પરંતુ કેશ રિઝર્વ રેશિયો એટલે કે CRRમાં ઘટાડો કર્યો હતો. આવી સ્થિતિમાં બેંકોએ કેન્દ્રીય બેંક પાસે ઓછી રોકડ રાખવી પડશે. આવી સ્થિતિમાં અર્થતંત્રને ટેકો આપવા માટે બેંકો પાસે નાણાં વધશે. આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વૃદ્ધિના અંદાજમાં પણ ઘટાડો કર્યો છે.

ઈન્ડસ્ટ્રી બોડી FICCIના પ્રમુખ હર્ષવર્ધન અગ્રવાલે જણાવ્યું હતું કે રેપો રેટ પર આરબીઆઇનું વલણ અપેક્ષા મુજબ છે, પરંતુ ઉદ્યોગ મંડળ CRR દરમાં અડધા ટકાના ઘટાડાનું સ્વાગત કરે છે. તેમણે કહ્યું કે આ પગલું સમયસર અને વ્યવહારુ છે. આ ધિરાણ અને એકંદર વૃદ્ધિને ટેકો આપતી પ્રવાહિતાની સ્થિતિને સરળ બનાવવામાં મદદ કરશે. અગ્રવાલે કહ્યું કે ખાદ્યપદાર્થોના ભાવને કારણે મોંઘવારી વધી છે અને તેમાં સુધારાની શક્યતા છે. RBIએ સંકેત આપ્યો છે કે કોર ફુગાવો વધી શકે છે, કારણ કે ઘણા મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ ઇન્ડસ્ટ્રીના ઉત્પાદનોના ખર્ચમાં વધારો જોવા મળ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે ચોથા ક્વાર્ટરમાં ૪.૫ ટકા ફુગાવાના અનુમાનને ધ્યાનમાં રાખીને આગામી પોલિસીમાં રેપો રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ હેમંત જૈને જણાવ્યું હતું કે આરબીઆઈ દ્વારા સીઆરઆરમાં ૪.૫ ટકાથી ઘટાડીને ચાર ટકા કરવાથી અર્થતંત્રમાં તરલતા વધશે અને બિઝનેસ સેન્ટિમેન્ટ પણ મજબૂત થશે.



આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસના જણાવ્યા અનુસાર, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર ૫.૪ ટકાની અપેક્ષા કરતા ઓછો હતો. બીજા ક્વાર્ટરમાં અર્થતંત્રમાં મંદીનો સંકેત આપતા સૂચકાંકો સમાપ્ત થઈ ગયા છે. દાસના મતે આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વૃદ્ધિ દરનો અંદાજ ૭.૨ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કર્યો છે. તેમણે કહ્યું કે બીજા ક્વાર્ટરમાં અર્થતંત્રમાં મંદી તરફ ઈશારો કરતા સૂચકાંકો હવે સમાપ્ત થઈ રહ્યા છે.

# જંત્રી મુદ્દે ઓફલાઈન વાંધા અરજી સ્વીકારવા સરકારની વિચારણા

### વાંધા સૂચનોનો સમય ૯૦ દિવસનો કરવા બિલ્ડરોની માંગ : આગામી બે થી ત્રણ દિવસમાં

રાજકોટ, તા. ૬

સમગ્ર ગુજરાતમાં હાલ સૂચિત જંત્રીને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે માત્ર બિલ્ડર એસોસિએશન જ નહીં પરંતુ સલગ્ન એસોસિએશન પણ હાલ કે આ મુદ્દે જોડાયા છે ત્યારે મળતી માહિતી મુજબ આગામી બે થી ત્રણ દિવસમાં રાજ્ય સરકાર આ અંગે નિર્ણય લે તેવું હાલ જાળવવા મળી રહ્યું છે. હાલ માટે સૂચનો આપવા માટે રાજ્ય સરકારે ઓનલાઇન કરવાનો નિર્ણય લીધો છે જેને લઈને બિલ્ડરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને તેમના દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઓફલાઈન રજૂઆત કરવામાં આવે. હાલ આ અંગે મંત્રણા ચાલી રહી છે અને સરકારી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી એક કે બે દિવસમાં સરકાર આ માટે નિર્ણય પણ લઈ લેશે.

હાલ સમગ્ર રાજ્યમાં આ અંગે વિરોધ થઈ રહ્યો છે જેની પાછળનું સૌથી મહત્વનું કારણ એ છે કે અત્યાર સુધી જંત્રીના ભાવ જે ગતિથી વધતા તેમાં હવે એ હદે ઉછાળો નોંધાયો છે કે જેનું કદ માપવા માટે બિલ્ડરો હેરાન થઈ ચૂક્યા છે. રાજકોટ બિલ્ડર એસોસિએશન ના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર અત્યારે ૨૦૦૦ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો છે. જે ખરા અર્થમાં અસહ્ય છે અને જો આ અંગે સરકાર પોતાનું વલણ જડ રાખશે તો ઘણી હેરાનગતિ નો સામનો પણ કરવો પડશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. બિલ્ડરોને માત્ર એક જ રજૂઆત નહીં પરંતુ અનેકવિધ રજૂઆતો છે પરંતુ હાલ પ્રાથમિકતા ના આધારે જે જંત્રીના ભાવો વધારવા નો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે તેને મુલતવી રાખવામાં આવે તે માટે હાલ ખાસ વ્યવસ્થા ઉભી થાય તે માટેની રજૂઆતો કરવામાં આવેલી છે અને તે મુજબની ભલામણ પણ બિલ્ડર એસોસિએશન દ્વારા રાજ્ય સરકારને કરી છે.

રાજયમાં નવી જંત્રીના અમલને લઈને સરકાર સામે વિવિધ સંગઠનો વિરોધનો સુર વ્યકત કરી રહ્યા છે જેને લઈને મહેસુલ વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ બેઠકોનો દોર ચલાવ્યો છે. સરકારે જિલ્લા કલેકટરોને એવો આદેશ આપ્યો છે કે સૂચિત જંત્રીના દરના મુદે ઓનલાઇન તેમજ ઓફલાઈન વાંધા સુચનો મેળવવામાં આવે. આવું કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે નવી જંત્રીના અમલ બાદ કોઈ પણ પ્રકારનો વિવાદ ઊભો થવો જોઈએ નહીં તેમજ હિતધારકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે કરવાનું હેતુ છે. હાલ રેવન્યુ સચિવ દ્વારા આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે હાલ તમામ કાર્યો શરૂ કરી દીધી છે. જિલ્લા કલેકટરોને પણ આ અંગે તાકીદે સૂચિત કરવામાં આવ્યા છે કે તેમના દ્વારા ઝડપભેર કામગીરી કરવામાં આવે અને ઓફલાઈન જે હોય તે વાંધા સૂચનો કમ્પાઈલ કરી સરકાર સમક્ષ મુકાય.

ગુજરાત રાજ્યના મહેસુલ વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિ વિવિધ જિલ્લા કલેકટરો સાથે બેઠક કરી રહ્યા છે જેમાં સ્ટેમ્પ ડ્યુટી વસુલાત સાથે જોડાયેલા અધિકારીઓને પણ બોલાવવામાં આવી રહ્યા છે આ બેઠકમાંસ્થાનિક અધિકારીઓએ પણ જંત્રી વાંધા માટે આફલાઇન સિસ્ટમની માંગ કરી છે કારણ કે મોટી સંખ્યામાં હિતધારકો તેમના વાંધા ઓનલાઈન સબમિટ કરવામાં અસમર્થ છે. એક કે બે દિવસમાં, રાય સરકાર આફલાઇન વાંધા અને સૂચનોને મંજૂરી આપી શકે છે, અને તેના માટે એક ફોર્મેટ તૈયાર કરવામાં આવશે. જે સમગ્ર રાય માટે એક સરખો રહેશે જેનાથી જ ડેટાનો સંકલન સરળતાથી કરી શકાશે.

આ ફોર્મેટમાં સ્થાનિક મામલતદાર કચેરીને જંત્રીની દરખાસ્ત કરી શકાશે.

સમગ્ર ગુજરાતમાં જંત્રીના મુદ્દે હાલ બિલ્ડરો દ્વારા વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. સરકારે પણ આ મુદ્દે ચર્ચા કરવા માટે તૈયારી દેખાડી છે પરંતુ હવે જે પ્રશ્ન સતાવે છે તે એ છે કે અત્યારે જે જંત્રીને લઈને વાંધા સુચનો રજૂ કરવામાં આવનાર છે તે ઓનલાઈન છે જે બિલ્ડરોને પરવડે તેમ નથી. કારણ કે જ્યાં સુધી લેખિત અને રૂબરૂ વાંધા સુચનો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી એ વાત સ્પષ્ટ છે કે જંત્રીને લઈને કોઈ માહિતી અથવા તો શું સુધારો કરવો છે તેનો અંદાજ ન આવી શકે. ત્યારે બિલ્ડરોના આ પ્રશ્નને ધ્યાને લઈ હાલ રાજ્ય સરકાર અને તેમાં પણ મહેસુલ વિભાગ જંત્રીના વાંધા સુચનોને ઓફ લાઈન કરવા માટે તત્પરતા દાખવી છે જે અંગે આજ અથવા તો કાલ સુધીમાં યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવું પણ હાલ માનવામાં આવી રહ્યું છે.



### યુવતિએ ફોન કરી વાતચીતમાં ભોળવી મળવા બોલાવ્યોઃ પ્રેમ વરસાવની આશાઓ વચ્ચે ફડાકા અને ગાળો મળ્યા

# રૂમમાં જતાં જ અશોકના ત્યાં અરમાનો ચૂર-ચૂર થયાઃ હનીટ્રેપમાં ફસાયો

### બે યુવતિ રૂમમાં બેઠી હતીઃ યુવાન તેની પાસે બેસે એ પહેલા જ ત્રણ શખ્સે-અમે પોલીસ છીએ, તું અહિ કેટલીવાર આવ્યો છો? કહી માર માર્યોઃ કેસ ન કરવાના રૂપિયા માંગી ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૬**

યુવાનો અને વૃધ્ધોને લલચાવી ફસાવી રોકડા પડાવી લેવાની ઘટનાઓ સતત બનતી રહે છે. હનીટ્રેપના આવા બનાવોમાં અનેક લોકો અત્યાર સુધીમાં શિકાર બની ગયા છે. બુલાતી હૈ પર જાને કા નહિ એ ઉક્તિને ધ્યાને ન રાખનારા હનીટ્રેપમાં ફસાઇ જતાં હોય છે. આવી વધુ એક ઘટનામાં યુવાનને યુવતિએ ફસાવ્યો હતો અને મળવા બોલાવ્યા બાદ નકલી પોલીસની ટોળકી સાથે મળી રૂપિયા પડાવી લીધા હતાં. વધુ રૂપિયાની માંગણી કરતાં અંતે આ યુવાને પોલીસને જાણ કરતાં ત્રણ મહિલા સહિત ચારને પકડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો નાના વરાછા શ્યામધામ ચોક વિસ્તારમાં રહેતા અને મોબાઈલ રિપેરીંગની દુકાન ધરાવતા બત્રીસ વર્ષીય યુવકને હનીટ્રેપમાં ફસાવી પંચ્યાસી હજાર પડાવવામાં આવ્યા હતા. મહિલા સહિતની ડુપ્લીકેટ પોલીસની ટોળકીએ વેપારીને મળવાના બહાને કતારગામ  લલીતા ચોકડી પાસે નિલકંઠ સોસાયટીના મકાનમાં બોલાવ્યા બાદ લાફાઓ મારી બે લાખની માંગણી કરી છેવડે રૂપિયા પંચ્યાસી હજાર પડાવ્યા હતા. પોલીસે ત્રણ મહિલા સહિત ચાર ધરપકડ કરી છે.

કતારગામ પોલીસના જણાવ્યા મુજબ નાના વરાછા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય અશોક મોબાઈલ રિપેરીંગની દુકાન ધરાવે છે. અશોકને બપોરના અઢી વાગ્યે દક્ષા નામની મહિલાએ મળવાને બહાને કતારગામ નિલકંઠ સોસાયટીના મકાનમાં બોલાવ્યો હતો. અશોક મકાનમાં મળવા માટે જતા ત્યાં રૂમમાં બે મહિલાઓ બેઠી હતી. અશોક મનમાં અનેક આશા અરમાનો સાથે અંદર ગયો હતો અને તેના હૈયે હરખ સમાતો નહોતો . પણ તેને એ ખબર નહોતી કે તેને હનીટ્રેપનો શિકાર બનાવાયો છે. તે રૂમમાં જઈ મહિલાઓ પાસે બેસીને વાત શરૂ કરે એ પહેલા જ રૂમમાં ત્રણ અજાણ્યા શખ્સ ધસી આવ્યા હતાં. આ બધાએ રૂમમાં આવી પોતાની ઓળખ પોલીસ


પોલીસે બે વિધવા સહિત ત્રણ મહિલા અને એક શખ્સ મળી ચારને દબોચ્યાઃ બીજી ઘટનામાં અપહરણ-લૂંટમાં સુત્રધાર પકડાયો

તરીકે આપી અશોકને તું અહિ કેટલા ટાઈમથી આવે છે તેમ કી ગાલ ઉપર બે ત્રણ લાફા મારી હવે તો મોટો કેસ થશે, બદનામી થશે, ફોટા વાયરલ થશે કહી બે લાખની માંગણી કરી હતી.

આવુ થતાં અશોક ડઘાઇ ગયો હતો અને ગભરાઇ ગયો હતો. ગમે તેમ આમાંથી છુટવા માટે તે મરણીયો બની ગયો હતો. ટોળકીએ કેસ નહિ કરવાના બદલામાં બે લાખ માંગ્યા હતાં. છેવટે રકઝક બાદ અશોક પાસેથી ખોડલ કૃપા મેડીકલ સ્ટોર પાસે લઈ જઈ તેના એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરાવી રૂપીયા પંચ્યાહસી હજાર લઈ નાસી ગયા હતા. અશોકને તેને હનીટ્રેપમાં ફસાવવામાં આવ્યો હોવાનો ખ્યાલ આવતા આ મામલે ફરિયાદ નોંધાવતા કતારગામ પોલીસ ટોળકી સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. કતારગામ પોલીસે પાર્થ ઢોલા, દક્ષા આકોલિયા, જયશ્રી બોરડ, દિવ્યા તળાવિયાની ધરપકડ કરી છે. જેમાં દક્ષા અને જયશ્રી બંને વિધવા છે.

બીજી તરફ અન્ય એક ઘટનામાં રાંદેર વિસ્તારમાં વ્યાપારીના અપહરણ અને જબ્બરજસ્થીથી ૩૨,૦૭૧ અને ૧૮,૦૦૦ રૂપિયાની લૂંટ કરનાર ત્રણ આરોપીઓને સુરત શહેર એસઓજી દ્વારા ઝડપવામાં આવ્યા છે. આ ગુનામાં લૂંટની ટીપ આપનાર મુખ્ય ભેજાબાજ વસીમ સોલંકીને પકડી પાડવામાં આવ્યો છે. શહેરના ક્રાઈમ અને એસઓજીની ટીમે રાંદેર વિસ્તારમાં એક વ્યક્તિનું અપહરણ કરીને તેની પાસેથી ડિજિટલ કરન્સી શ્ભ્ઝઌ અને રોકડ રકમ લૂંટ કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી. ગુનામાં સંડોવાયેલા આરોપીઓમાં કૈલાશ ઉર્ફે કેલીયા પાટીલ, દયાવાન ઉર્ફે બંટી અશોકભાઇ પાટીલ અને અશોક ઉર્ફે ભુરીયા બિકા વાળાનો સમાવેશ થાય છે. આ પકડેલા આરોપીઓની પુછપરછમાં સામે આવ્યું હતુ કે ગુનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર વ્યકિત વસીમ સોલંકી હતો. તેણે  બનાવની પૂર્ણ માહિતી આપીને લૂંટની ટીપ આપી હતી.

# વધુ ૧૮ મિલકતો સીલ, ૧૬ને નોટિસ

### વેરા વસુલાત શાખાને થઈ ૪૫ લાખથી વધુની રિકવરી : પ્રતિ દિવસ રિકવરીના આંકડામાં આવે છે ઉછાળો

રાજકોટ, તા.

વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.૧૮ -મિલ્કતોને સીલ કરેલ તથા ૧૬- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ  તથા રીકવરી રૂા. ૪૫.૫૩લાખ રીકવરી કરવામાં આવી. વોર્ડ ૧માં આવે છે. રૈયા રોડ વિધુત નગર પાસે આવેલ રામેશ્વર પાર્ક શેરી-૧ માં ૩-યુનીટને નોટીસ સામે રિકવરી કરતા PDC ચેક આપવામાં આવ્યો.એવીજ રીતે ૧૫૦ ફીટ રીંગ રોડ શાસ્ત્રી નગર મેઈન રોડ શેરી નં-૪ માં આવેલ પટેલ ઈન્ટરીયલ પ્રોડકટની સામે સીલ ની કાર્યવાહી કરતા ક્ળ્ઉઈ ચેક આપવામાં આવ્યો.

ગાંધીગ્રામ એસ.કે.ચોક પાસે મણીભદ્ર સ્ટીલ ને નોટીસ આપતા ક્ળ્ઉઈ ચેક મળ્યો.ગાંધીગ્રામમાં આવેલ મહાવીરનગરમાં  સસ્તા અનાજ ની દુકાનને સીલ કરવામાં આવી. જ્યારે વોર્ડ નં-૨ કસ્તુરબા રોડ કોર્નર પર જયુબેલી બાગ પાસે એમ્બેસી માં શોપ નં-૨૦૩ ને સીલ કરવામાં આવી.કસ્તુરબા રોડ પર બીલખા પ્લાઝા માં ફસ્ટ ફ્લોર પર ૧-યુનીટને સીલ કરી હતી. રૈયા રોડ પી.પી કેન્સર હોસ્પિટલ ઉપાસના કોમ્પ્લેક્ષ ફસ્ટ ફ્લોર શોપ નં-૧૧ ને સીલ મારવામાં આવી હતી.

રૈયા રોડ અન્ડર બ્રીજ પાસે ધ સીટી સેન્ટર ફોર્થ ફ્લોર શોપ નં-૪૦૯ ને સીલ મારેલ. બીજી તરફથી આમ્રપાલી સિનેમાની બાજુમાં આવેલ ધ્રુવનગર મેઈન રોડ લક્ષ્મી પ્રોવિઝન સ્ટોર-૨ ને સીલ કરેલ છે. જ્યારે બારૈયા મેઈન રોડ પર પંચરત્ન અપાર્ટમેન્ટમાં શોપ નં-૩/એ ને સીલ મારેલ. રૈયા રોડ સત્યમ કોમ્પલેક્ષ ફર્સ્ટ ફ્લોર પર ૧-યુનીટને સીલ મારેલ.રૈયા રોડ સદગુરુ તીર્થધામ એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૬ ને સીલ મારેલ.પરાબજારમાં દ્વારકાધીશ ગોકળદાસ નજીક ૧-યુનીટની નોટીસ સામે રિકવરી કરતા ક્ળ્ઉઈ ચેક આપેલ.

વોર્ડ નં-૫ની જો વાત કરવામાં આવે તો પેડક રોડ મેલડીમાતાના મંદિર સામે ગાંધી સ્મૃતિ સોસા શેરી નં-૧ માં ૧-યુનિટ સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫.૦૦ લાખ થઈ જ્યારે આર.ટી .ઓ નજીક માલધારી સોસા માં ૧-યુનીટની  નોટીસ સામે રિકવરી કરતા ક્ળ્ઉઈ ચેક આપવામાં આવ્યો.

વોર્ડ નં-૭માં ભુપેન્દ્ર રોડ પર બાલાજી મંદિર સામે બાલાજી બિઝનેઝ ટેર્મીનલ માં ઓફીસ નં-૧૦૧ ને નોટીસ આપતા રિકવરી રૂ.૧.૧૦ લાખ. ગોંડલ રોડ પર પ્રમુખ સ્વામી આર્કેડમાં ફર્સ્ટ ફ્લોર પર ઓફીસ નં-૩૩/એ ની સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૨.૦૦ લાખ થઈ.

વોર્ડ નં-૧૨ ૧૫૦ ફીટ રીંગ રોડ પર માવડી ચોક નજીક આર.કે એમ્પાયર સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૨,૬૭૦ કરવામાં આવી. વોર્ડ નં-૧૩ ઉદ્યોગનગરમાં આર.એમ.સી ગાર્ડન નજીક શેરી નં-૫ માં રેન્ટેડ કુબેર ફાયબર  ને નોટીસ આપતા રિકવરી રૂ.૧.૫૨ લાખ. માવડી પ્લોટ અલકા સોસાયટી કોમ્યુનીટીહોલ સામે એમ.પી.પાર્ક માં ૧-યુનીટ ને સીલ કરવામાં આવી.

કોઠારીયા વિસ્તાર મારુતી ઈન્ડસ્ટ્રીઝ એરિયા માં ૨-યુનીટની નોટીસ સામે સીલ ની કાર્યવાહી કરતા PDC ચેક આપેલ.વોર્ડ નં-૧૪ બાપુનગર મેઈન રોડ પર અલંગ હાઉસ ડીપસી નમકીન ને નોટીસ સામે રિકવરી રૂ.૨.૬૮ લાખ. કોઠારીયા રોડ  કનૈયા સેન્ટીંગ નજીક સંત ભોજલરામ સોસાયટી માં ૧-યુનીટની નોટીસ સામે સીલ ની કાર્યવાહી કરતા PDC ચેક આપેલ. જીલ્લા ગાર્ડન નજીક શેરી ન્મ-૪/૫ માં આવેલ ૧-યુનિટની નોટીસ સામે રિકવરી કરતા PDC ચેક આપેલ. લક્ષ્મીવાડી મેઈન રોડ પર મદન મોહન હવેલી સામે ૧-યુનિટની નોટીસ સામે રિકવરી કરતા PDC ચેક આપેલ.

કેવડાવાડી મેઈન રોડ પર ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ સામે ૧-યુનિટની નોટીસ સામે રિકવરી કરતા PDC ચેક આપેલ. ૮૦ ફીટ રીંગરોડ આંબલીયા એગ ઝોન ની પાછળ ૧-યુનિટની નોટીસ સામે રિકવરી કરતા PDC ચેક આપેલ.કાન્તા વિકાસ ગૃહ સામે શ્રીમદ ભવન સેકંડ ફ્લોર ઓફીસ નં-૬૭ ને નોટીસ સામે રિકવરી કરતા PDC ચેક આપેલ. વોર્ડ નં-૧૫માં નવા થોરાળા વિસ્તારમાં શેરી નં-૮ માં ચામુંડા કૃપા  ને નોટીસ સામે રિકવરી રૂ.૨૩,૬૮૦ કરવામાં આવી. વોર્ડ નં-૧૬માં રાજકોટ- ૨ પટેલનગર જય બજરંગકૃપા ને સીલ મારેલ.વોર્ડ નં-૧૮ કોઠારીયા રીંગ રોડ પર સત્યમ ડાયમંડ પ્લોટ નં-૩ માં સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૬૮,૪૨૦ થઈ. ઢેબર રોડ પર માલધારી ફાટક નજીક માધવ ઈન્ડસ્ટ્રીઝ  શેડ નં-૩૨/૧  સામે સીલની કાર્યવાહી કરતા ૩.૫૩ લાખની રિકવરી

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરશ્રીઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.






# આજથી ૧૦૦ દિવસ ટી.બી. નાબૂદી અભિયાન

### ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી રાઘવજી પટેલ રહેશે ઉપસ્થિત

રાજકોટ, તા. ૬

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અધિસુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે ટી.બી. નાબૂદી અભિયાન અન્વયે ૧૦૦ દિવસ સઘન ઝુંબેશ શુભારંભ કાર્યક્રમ આજે બપોરે ૧૨:૦૦ કલાકે પેડક રોડ ખાતે આવેલ અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે યોજાશે.આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા તથા જિલ્લા પંચાયત-રાજકોટના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ઉપસ્થિત રહેશે.

ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય, ન્યુ દિલ્હી દેશમાંથી ટી.બી. રોગને નાબૂદ કરવા માટે પ્રતિબધ્ધ છે.જેના ભાગ રૂપે આજ રોજ તા.૦૭ ડીસેમ્બર ૨૦૨૪ના ભારત દેશમાં કુલ ૩૪૭ જીલ્લાઓમાં ૧૦૦ દિવસની સઘન ટીબી નુર્મૂલન ઝુંબેશ શરૂ કરવામાં આવે છે. ગુજરાત રાજયના  કુલ ૧૬ જીલ્લાઓ અને ૪ કોર્પોરેશનનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજકોટ જીલ્લો અને રાજકોટ મહાનગરપાલિકાનો સમાવેશ કરેલ છે. સદર ઝુંબેશ દરમિયાન ટી. બી.  સંવેદનશીલ વિસ્તારમાં આરોગ્યની ટીમ ઘરે ઘરે જઈ, ટી.બી. રોગ વિષે માહીતગાર કરશે અને ટી.બી. રોગનું સ્ક્રીનીંગ કરી, તેઓના ગળફાની લેબોરેટરી તપાસ અને છાતીના એક્સ-રે માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં જવા માટે સલાહ આપશે. આ ઝુંબેશમાં નવા શોધાયેલા ટી.બી.ના તમામ દર્દીઓને જરૂરી સારવારમાં નિક્ષય પોષણ સહાય યોજનાનો લાભ આપવામાં આવશે. નિક્ષય મિત્ર દ્વારા ન્યૂટ્રીશન કીટ આપવામાં આવશે. આ સાથે નિદાન થયેલ ટી.બી.ના દર્દીઓના કુટુંબના તમામ સભ્યોનું ટી.બી.રોગ અંતર્ગત સ્ક્રીનીંગ કરી, ટી.બી. રોગ નેગેટીવ તમામ દર્દીઓને ટી.બી. રોગ પ્રિ વેન્ટીવ સારવાર આપવામાં આવનાર છે.

રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન પ્રવિણભાઈ કયાડા, જિલ્લા કલેકટર પ્રભવ જોશી, રાજકોટ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન લીલાબેન ઠુંમરએ ટી.બી. નાબૂદી અભિયાન અન્વયે ૧૦૦ દિવસ ચલનાર સઘન ઝુંબેશમાં સહયોગ આપવા તેમજ આ ઝુંબેશથી માહિતગાર થવા શુભારંભ કાર્યક્રમમાં જોડાવા રાજકોટ શહેર તથા રાજકોટ જીલ્લાના નાગરીકોને ખાસ અપીલ કરવામાં આવી હતી.

### ગમે તેની સાથે દોસ્તી કરતાં પહેલા ચેતવુ જરૂરીઃ જેને ધર્મનો ભાઇ માનેલો એણે જ ફસાવી

# કોલેજીયન છાત્રાને બ્લેકમેઈલ કરી ચંડાળચોકડીએ લાખો પડાવ્યા

### ભાડાની કાર ફેરવી રોલા પાડતાં શખ્સે યુવતિને ધર્મની બહેન બનાવીઃ તેના એક મિત્ર સાથે યુવતિને ફ્રેન્ડશીપ થઇ હતીઃ બધા સાથે યુવતિ ફરવા ગઇ ત્યારે ફોટા પાડી લેવાયાઃ તેના આધારે બ્લેકમેઈલીંગ શરૂ કરાયુંઃ વીસ લાખ પચાસ હજાર આપી દીધા બાદ યુવતિએ આપઘાતનો પ્રયાસ કરતાં ભાંડો ફુટ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૦૬**

રાજ્યભરમાં અનેક એવા લેભાગુઓ હોય છે જે ખોટા રોલા પાડી યુવતિઓ, કોલેજીયન છાત્રાઓને ફસાવી તેની જિંદગી બગાડી નાખતા હોય છે. આ પ્રકારના બનાવો અવાર-નવાર પોલીસ સુધી પહોંચતા રહે છે. દરમિયાન વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં કોલેજીયન યુવતિઓને ભાડાની કારથી માભો પાડી ફસાવી બ્લેકમેઈલ કરી લાખો રૂપિયા પડાવી લેવાયા હતાં. આ પ્રકારની ગુનાખોરી આચરી ભાગી ગયેલા લેભાગુને પોલીસે છેક યુપીથી દબોચી લીધો છે. આ લેભાગુએ પોતાના બીજા ત્રણ સાગરીતો સાથે મળી એક યુવતિને ફસાવી વીસ લાખથી વધુની રકમ પડાવી લીધી હતી. યુવતિએ આપઘાતનો પ્રયાસ કરતાં સમગ્ર કારસ્તાન ઉઘાડુ પડતાં પોલીસે કાર્યવાહી આદરી હતી. આ કિસ્સામાં યુવતિએ જેને ધર્મનો ભાઇ માન્યો હતો એણે પણ તેને ફસાવવામાં કસર બાકી રાખી નહોતી.

આજના યુગમાં સોશિયલ મિડીયાથી કે પછી રૂબરૂ આવીને લેભાગુઓ છાત્રાઓ, યુવતિઓ, સગીરાઓને અને ક્યારેક પરિણીતાઓને ફસાવી લેતાં હોય છે. આવી જ એક ઘટના પર નજર કરીએ તો મોટા વરાછામાં ચાર મિત્રોએ યુવતીને બ્લેકમેઈલ કરી વીસ લાખ પચાસ હજાર રૂપિયા પડાવી લેવાની ઘટનામાં પોલીસે મુખ્ય આરોપીને ઉતરપ્રદેશના લખનઉથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીએ યુવતીના અંગત ફોટા વાઇરલ કરવાની ધમકી આપી મિત્રો સાથે મળી રૂપિયા પડાવ્યા હતા. હાલ પોલીસે આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર  સુરતના ઉત્રાણ પોલીસ મથકમાં એક બ્લેકમેઈલીંગ અને પોક્સોનો ગુનો નોંધાયો હતો. જેમાં જણાવ્યા મુજબ મૂળ અમરેલીના વતની અને સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા એકાઉન્ટન્ટની સાડા સત્તર વષીય પુત્રી આઈટીમાં અભ્યાસ કરે છે. એક વર્ષ અગાઉ તેની મિત્રતા તુષાર ગજેરા સાથે થઈ હતી. બાદમાં તેની મારફતે તે અનિકેત ઉર્ફે બાવો, સાજન ભરવાડ અને સંદીપ ઉર્ફે કાનો રસીકભાઈ વરસાણીની પણ મિત્ર બની હતી.

આ દોસ્તીની દાસ્તાન આગળ વધી જતાં તમામ મિત્રો સાથે ફરવા જતા હતા. તેઓ મોટા વરાછા પનવેલ પોઈન્ટ ખાતે હોટલમાં અને કામરેજ સેવણી ગામ ખાતે ફાર્મ હાઉસમાં ગયા હતા. ત્યારે ત્યાં ફોટા પાડ્યા હતા. થોડા સમય બાદ અનિકેત ઉર્ફે બાવો, સાજન ભરવાડ અને તુષાર ગજેરાએ તે ફોટા આપત્તીજનક છે અમે વાઈરલ કરી દઈશું તેમ કહી તેની પાસે પૈસાની માંગણી શરૂ કરી હતી. યુવતીએ આ અંગે માનેલા


ગુનો આચરી લખનૌ ભાગી ગયેલા આરોપીને પોલીસે ત્યાંથી દબોચ્યોઃ બાકીના ત્રણની શોધખોળ

ભાઈ સંદીપ વરસાણીને વાત કરતા તેણે ત્રણેય મિત્રો સાથે વાત કરી યુવતીને કહ્યું હતું કે, રૂપિયા આપશે તો તેઓ ફોટા વાઈરલ નહીં કરે. આથી યુવતીએ પોતાના ઘરમાંથી ટુકડે ટુકડે તેમને પૈસા આપવાનું શરૂ કર્યુ હતું. તે પૈસા સંદીપને આપતી હતી અને સંદીપ યુવતીએ આપેલા પૈસા આપી દીધાનું કહેતો હતો.

આ રીતે યુવતીએ ટુકડે ટુકડે એક વર્ષમાં રોકડા રૂપિયા વીસ લાખ પચાસ હજાર તેને આપ્યા હતા. એટલું જ નહીં પોતાના ઘરમાંથી એક લાખની કિંમતની હીરાજડીત બુટ્ટી પણ આપી હતી. જો કે, યુવતીએ રૂ.૫ લાખ લોકરમાંથી ઉપાડતા તેનો મેસેજ તેના પિતાને આવ્યો હતો. આથી તેમણે યુવતીને પૂછ્યું હતું, પરંતુ તે સમયે તેણે કોઈ ખુલાસો કર્યો નહોતો. થોડા સમય બાદ યુવતીએ ઘરે ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કરતા ઉત્રાણ પોલીસને જાણ થઈ હતી. ઉત્રાણ પોલીસે યુવતીની પુછપરછ કરતા સમગ્ર -કરણ બહાર આવ્યું હતું. ઉત્રાણ પોલીસે યુવતીના પિતાની ફરિયાદના આધારે સંદીપ રસીકભાઈ વરસાણી, તુષાર ગજેરા, સાજન ભરવાડ અને અનિકેત ઉર્ફે બાવો વિરુદ્ધ બળજબરીથી પૈસા પડાવવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સમગ્ર -કરણનો મુખ્ય સૂત્રધાર સંદીપ હોવાની પોલીસને આશંકા હતી જેથી તેની ધરપકડ કરવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી હતી. ત્યારે પોલીસે બાતમીના આધારે આરોપીને ઉતર-દેશના લખનઉથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ તુષાર ગજેરાની પોલીસે ધરપકડ કરી છે. તુષાર ગજેરા હાલ જેલની હવા ખાઇ રહ્યો છે. આ ગેંગની કોઈ અન્ય યુવતીઓ શિકાર બની છે કે નહીં તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

આરોપી સંદીપ ઉર્ફે કાનો રસિકભાઈ વરસાણીની મોડસ ઓપરેન્ડી વિશે પોલીસે જણાવ્યું હતું કે, આરોપી ભાડાની કાર અને બાઈક લઇ કોલેજ અને યુનિવર્સિટી કેમ્પસમાં ફેરવતો અને યુવતીઓને આકર્ષિત કરી તેની સાથે મિત્રતા કરતો હતો. બાદમાં યુવતીઓ સાથે ફરવા જઈ ત્યાં અંગત ફોટા પાડી વાઈરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવતો હતો. હાલ પોલીસે આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. એક આરોપીને લખનૌથી પકડી લેવાયો હતો.

### જેલ સ્ક્વોડને જડતી દરમિયાન એક કેદીની વર્તુણક શંકાસ્પદ જણાતાં ફુલ ચેકીંગ કર્યુ પણ કંઇ ન મળ્યું: કુછ તો ગરબડ હૈ..એવુ લાગતાં દવાખાને લઇ જઇ એક્સ-રે કરાવાતાં જે સામે આવ્યું તે સૌને ચોંકાવી ગયું

# કેદીએ કલ્પના બહારનું કર્યું: ગુદામાર્ગે છુપાવ્યો'તો મોબાઈલ!

## ભાવનગર જેલના કિસ્સાએ રાજ્યભરમાં રમુજ સાથે ચકચાર જગાવી: જેલરે ગુનો દાખલ કરાવતાં તપાસનો ધમધમાટ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૬**

રાજ્યભરની જેલોમાં અવાર-નવાર કેદીઓ પાસેથી જેલ પ્રતિબંધીત ચીજવસ્તુઓ મળી આવતી હોય છે. ક્યોરક બીડી, ગુટખા, ફાકી, તમાકુ કે ક્યારેક મોબાઇલ ફોન કે ચાર્જર કે પછી બીજી ચીજસ્તુઓ કે જે પ્રતિબંધીત હોય છે તે મળી આવતી હોય છે. રાજકોટની સેન્ટ્રલ જેલમાં તાજેતરમાં આવી પ્રતિબંધીત ચીજવસ્તુઓ એક દડામાં બાંધીને ફેંકવામાં આવી હતી. આ ઘટનામાં જેલ સત્તાધીશોએ નિયમ મુજબ એફઆઇઆર દાખલ કરાવી હતી. આ પ્રકારના બનાવો અગાઉ પણ બની ચુક્યા છે. જેલમાં ઓચીંતા ચેકીંગ થાય ત્યારે અનેક કેદીઓ પાસેથી ન મળવાની ચીજવસ્તુઓ મળતી હોય છે. દરમિયાન ભાવનગરની જેલમાં જે થયું છે તે અગાઉ કદી નહિ બન્યું હોય તેવું છે. એક કેદી પાસે મોબાઇલ હોવાની માહિતી મળી હોઇ સ્ક્વોડે તલાસી શરૂ કરી હતી. પણ કેદી પાસે કંઇ મળ્યું નહોતું. પણ શંકા પુરી હોઇ તેને એક્સ-રે માટે લઇ જવાતાં મળમાર્ગમાં છુપાવેલો નાનકુકડો મોબાઇલ મળી આવતાં સૌ કોઇ ચોંકી ગયા હતાં!

વિગતો પર નજર કરીએ તો ભાવનગર શહેરમાં આવેલી જિલ્લા જેલમાં પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન મોબાઈલનું એક ચાર્જર મળી આવ્યું હતું. જેથી કેદીઓની પૂછપરછ કરી હતી, પરંતુ કોઈ પાસે પ્રતિબંધિત વસ્તુઓ મળી આવી ન હતી. જોકે, એક કેદી પર શંકા જતા પોલીસે તેને હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યા એક્સ રે કરાવતા તે કાચા કામના કેદીના ગુદાના ભાગમાંથી નાનો મોબાઇલ હોવાથી સામે આવ્યું હતું. જેથી પોલીસે મોબાઈલ તેમજ ચાર્જર કબ્જે લઈ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે નીલમબાગ પોલીસ સ્ટેશનેથી મળતી માહિતી મુજબ ઇન્ચાર્જ જેલર વિષ્ણજી આઈ. વાઘેલા રહે. કલેરીકલ સ્ટાફ ક્વાર્ટર-૮, જેલ કમ્પાઉન્ડ વાળાએ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે.

જેલરે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે ભાવનગર જિલ્લા જેલના સ્થાનિક ઝડતી સ્કવોર્ડ દ્વારા અદ્યતન સાધનો વડે બાતમીના આધારે અત્રેની જેલના સર્કલ વિભાગમાં આવેલી ૮ ખોલી યાર્ડમાં મજકુરની બેરેકની ઝડતી કરતા ખોલી નં-૦૫૦૫ ના બહારના લાઠીયાના નીચેના ભાગમાં ખાડો કરી સંતાડી રાખેલ મોબાઇલ ફોનનું એસેમ્બલ ચાર્જર મળી આવેલ આવ્યું હતું. આથી બેરેકમાં રહેલ તમામ આરોપીઓની આ બાબતે પુછપરછ કરતા કાચા કામના કેદી રવિ નટુભાઈ બારૈયા જે મામાકોઠા પાસે, સાઈઠફળીનો ચોક, કરચલીયા પરામાં રહે છે અને તેની ઉમર પાંત્રીસ વર્ષ છે તેનું વર્તન વધુ શંકાસ્પદ જણાતા તેની સઘન અંગ ઝડતી કરવામાં આવી હતી, પરંતુ તેની પાસે કાંઇપણ જેલ પ્રતિબંધીત ચીજ વસ્તુઓ મળી આવેલ ન હતી. જડતી સ્કવોર્ડ પાસે ચોક્કસ બાતમી હોય મજકુરને જેલ દવાખાના ખાતે લઈ જવામાં આવેલ હતો જ્યા મેડીકલ ઓફીસર દ્વારા તપાસ કરતા આ શખ્સના ગુદા માર્ગમાં કાંઇ વસ્તુ સંતાડેલ હોય તેવી શંકા ઉપજી હતી.



આથી જેલના મેડિકલ ઓફીસર દ્વારા મજકુરને તાત્કાલીક સારવાર અર્થે સર.ટી.જનરલ હોસ્પીટલ ભાવનગર ખાતે જેલ ગાર્ડ જાપ્તામાં લઈ ગયા હતા, તથા ત્યા જ અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ હતા. જ્યાં સર.ટી.હોસ્પીટલના મેડીકલ ઓફિસર દ્વારા આરોપીના ગુદાના ભાગનો એકસ-રે પાડતા તેમાં મોબાઇલ ફોન હોવાનું જણાઇ આવેતાં સૌ કોઇ ચોંકી ગયા હતાં. વિશેષ તપાસ થતાં જણાયું હતું કે તા.૫-૧૨-૨૪ ના રોજ સવારે આશરે સવા છ કલાક આસપાસ તેના દ્વારા નિત્યક્રિયા દરમિયાન કોથળીમાં વીંટાળી રાખેલો કેચોડા કંપનીનો લાઇટ ગોલ્ડન જેવા કલરનો બેટરી સહિત સીમકાર્ડ વગરનો મોબાઇલ નાનકડો મોબાઇલ ફોન મળી આવેલ હતો. જે નાની સાઇજનો મોબાઇલ આ કેદીના ગુદા માર્ગમાંથી છુપાવેલો મળ્યો હતો.. જેલરે આ કેસમાં આરોપી વિરૂધ્ધ બીએનએસની કલમ ૨૨૩ તથા પ્રિઝન એક્ટની કલમ ૪૨, ૪૩, ૪૫ ની પેટા કલમ ૧૨ મુજબની ફરીયાદ નોંધી ધોરણસરની કરી હતી.

હવે પોલીસ એ તપાસ કરશે કે કેદી પાસે મોબાઇલ ફોન આવ્યો ક્યાંથી? કેટલા સમયથી તેની પાસે આ મોબાઇલ હતો? સીમ કાર્ડ ક્યાં છે? કેટલી વખત કોને કોને ફોન કર્યા? એ સહિતની વિગતો મેળવવા કોર્ટમાંથી મંજુરી લઇ કેદીની વિધીસર ધરપકડ કરી બાદમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. કેદીના આવા કરતૂતની ઠેકઠેકાણે રમૂજ સાથે ચર્ચા જાગી છે.

# જય ખોડીયાર ડેરી ફાર્મ સહિત ૫૮ ધંધાર્થીઓ પર આરોગ્ય વિભાગની તવાઈ

## ૧૦ ધંધાર્થીઓને લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ જ્યારે ૫૨ ખાદ્યચીજ વસ્તુઓના નમુના તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા જય ખોડિયાર ડેરી ફાર્મ'', જૈનમ એપાર્ટમેન્ટ શોપ નં.ઇ.૪, નાગેશ્વર મંદિર સામે, જામનગર રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''મિક્સ દૂધ (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ)ની ભેળસેળ મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા ''સન સીટી હેવન'', વિંગ સી-૧૦૧, રૈયાધાર, ઓમકારેશ્વર મંદિર પાસે, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''શુધ્ધ ઘી (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં આયોડિન વેલ્યૂ, સેપોનીફિકેશન વેલ્યૂ, ઇછ રીડિંગ, રિચડ વેલ્યૂ નિયત માત્ર થી અલગ હોવાથી તથા વેજીટેબલ ઓઇલની ભેળસેળ મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા ''શ્રધ્ધા ગુલાબ જાંબુ'', સાઈ કૃપા,શિવ હોટેલ પાસે, મહાદેવ વાડી મેઇન રોડ, બરફના કારખાના પાસે મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''મોળો માવો (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ છબ્ર વેલ્યૂ નિયત માત્રથી અલગ તથા ફોરેન ફેટની (વેજીટેબલ ફેટ) ભેળસેળ મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.





ફૂડ વિભાગ દ્વારા ''શ્રી પટેલ સ્વીટ્સ'', દર્શન, મવડી પ્લોટ-૪, ગુજરાત વાયર પાસે, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''માવો (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં છબ્ર વેલ્યૂ નિયત માત્રથી અલગ તથા ફોરેન ફેટની (વેજીટેબલ ફેટ) ભેળસેળ મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અલંગ હાઉસ થી સોરઠિયાવાડી સર્કલ, પટેલ વાડી થી બાલક હનુમાન સુધી પડેક રોડ તથા સોરઠિયાવાડી સર્કલ થી આંબેડકર ગેટ તરફના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૫૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૫૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

બીજી તરફ ૧૩ વિક્રતાઓને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી જેમાં શક્તિ ટી સ્ટોલ, ડિલક્ષ પાન અને કોલ્ડ્રીંક્સ, શક્તિ પાન, જય ઠક્કર પાન, સાઈ ગોપાલ સોડા શોપ, ગોપાલ પાન, ભરત પાન, શ્રીરામ ટ્રેડર્સ, દિનેશ પાન, ક્રિષ્ના ડિલક્સ પાન, સંજય પાન, સદગુરુ કોલ્ડિંક્સ, પટેલ કેમિસ્ટને નોટિસો પાઠવવામાં આવી. જ્યારે દેસાઈ ફરસાણ અને ભજીયા, રઘુવીર સમોસા, વેફલ ક્રોમ, કાંતિભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા, જુગાડી અડ્ડ઼ા, બર્ગર બ્રીસ્ટ, ડાયમંડ સિંગ, ભેરૂનાથા સ્ક્રીન, બેસ્ટ મયુર ભજીયા, રાધેશ્યામ ડેરી ફાર્મ, હંગામા કુલ્ફી, રામેશ્વર બેકર્સ, જય ભવાની શીંગ, કિશન પ્રોવિઝન, યોગેશ્વર ડેરી ફાર્મ, અશોક વિજય ડેરી ફાર્મ, બાસમતી હાઉસ, પટેલ ફરસાણ, સિલ્વર બેકરી, મુરલીધર રેસ્ટોરેન્ટ , સપના ડ્રિંક્સ , અતુલ આઇસ્ક્રીમ, મોન્જીનીસ કેક શોપ, રંગોલી આઇસ્ક્રીમ, ગોરધનભાઈ ગોવિંદભાઇ ચેવડાવાળા, મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા, સત્યમ ડેરી ફાર્મ, ઘનશ્યામ પેંડાવાળાની ચકાસણી કરવામાં આવેલ.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# આરોગ્યની ગુજરી બજાર

## અસલી તબીબોની ખોટી સર્જરી અને નકલી તબીબોની અસલી પ્રેક્ટિસ



ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રની તબિયત બગડી ગઈ છે. ખ્યાતીકાંડે સમગ્ર મેડિકલ ક્ષેત્રની કુખ્યાતી કરી છે. દરરોજ નવા ભાંડા ફૂટી રહયા છે. અગ્રણી ગણાતા તબીબોની ધરપકડો થઈ ગઈ છે. આવા કાંડોથી લોકવિશ્વાસ તૂટી રહયો છે. સરકારી યોજનાઓનો ગેરલાભ લેવા બિનજરૂરી સર્જરીઓ કરીને બિલ ફટકારવાના ધંધા તબીબી જગતની આબરૂ પર ફટકો ગણાય. આવા અનેક દર્દીઓના મોત થયાનું પણ જાહેર થયું છે. આ રાક્ષસીકૃત્યને ક્યારેય માફ કરી ન શકાય.

ખ્યાતિકાંડ હજુ ખ્યાતિ મેળવી રહ્યો છે ત્યાં ગુજરાતમાં નકલી ડીગ્રી દ્વારા જથ્થાબંધ તબીબોનું પ્રોડક્શન કરવાનું ષડયંત્ર ઝડપતા હાહાકાર મચી ગયો છે. આરોગ્ય ક્ષેત્ર અતિગંભીર ગણાય, પણ આ ક્ષેત્રે ગુજરાતમાં કેટલું લોલમલોલ ચાલે છે, તે કલ્પી શકાય તેમ નથી.

રાજ્યમાં વિચિત્ર સ્થિતિ એવી છે કે, અસલી તબીબો ખોટી સર્જરી કરે છે અને નકલી તબીબો અસલી પ્રેક્ટિસ કરે છે! સુરતમાં નકલી તબીબોનું મોટાપાયે પ્રોડક્શન ચાલતું હતું. ભણેલા છો કે અભણ છો, રૂ. ૮૦,૦૦૦ આપો એટલે ડોક્ટર હોવાનું સર્ટિફિકેટ મળી જાય.

આવા બોગસ ડીગ્રી ધરાવતા અસંખ્ય તબીબો ગુજરાત ભરમાં પ્રેક્ટિસ કરીને દર્દીઓના જીવન સાથે ચેડા કરતા હશે. બોગસ ડિગ્રીધારી ૧૦ તબીબોની તો એક જ કલાકમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોગ્ય ક્ષેત્રે આ અતિગંભીર અને કટોકટી જેવી સ્થિતિ ગણાય, પણ બોગસ ડિગ્રી કોભાંડને પણ રાજ્યમાં રૂટીન ઘટનાની જેમ જ લેવાઈ રહ્યું છે.

દશ નકલી તબીબો પાસેથી દવાઓ, ઈન્જેક્શન, સીરપ તથા મેડિકલ સાધનોનો મોટો જથ્થો ઝડપાયો હતો. ગુજરાત માટે આ અભૂતપૂર્વક ઘટના નથી બોગસ તબીબો ઝડપાતા જ રહે છે. આવી ઘટનાઓ શરમજનક અને ચિંતાજનક ગણાય, પણ કોઈને શરમ આવતી જ નથી, ચિંતા પણ થતી નથી રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રના પતન માટે કોણ જવાબદાર છે ?

આ ક્ષેત્રના જાણકારો કહે છે કે, અસલી ડોક્ટરની નકલી પ્રેક્ટીસ અને નકલી ડોક્ટરની અસલી પ્રેક્ટિસ પાછળ મોટા માથાના હાથ હોય છે, પણ પડદા પાછળના દરેક કાંડમાં છટકી જાય છે અને અન્ય ઝડપાઈ જાય છે.

નકલી તબીબી સર્ટિફિકેટ આપવાના ધંધા સુરતમાં ઘણા સમયથી ચાલતા હતા. આ સામે કોઈની નજર ન જાય અને હજારો લોકો બોગસ ડિગ્રી વેચાતી લઈને પ્રેક્ટિસ કરવા લાગે એ ગજબ બાબત નથી ? દરેક કાંડમાં પડદા પાછળના માથાને શોધીને તેને અંદર કરવામાં આવે તો રાજ્યમાં બોગસ પર બ્રેક લાગે.

આરોગ્ય ક્ષેત્ર જીવન સાથે સીધું સંકળાયેલું છે. ગુજરાત આરોગ્યનું હબ બની રહયું છે ત્યારે બોગસના ખેલ અટકાવવામાં નહીં આવે તો વિશ્વાસ પૂરેપૂરો તૂટી જશે. તબીબી ક્ષેત્રના રાક્ષસોને ફાંસી જ ઉકેલ છે.

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..



પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# શિક્ષણ વ્યવસ્થામાં ખામી જ ખામી છે

## રાજ્યના શિક્ષણ મંત્રીએ કહ્યું કે, આપણી શિક્ષણ વ્યવસ્થામાં ખામી છે નહીં તો ખ્યાતી હોસ્પિટલ જેવા કાંડ ના બને...એમની વાત સાચી છે : શિક્ષણમાં ખામી જ ખામી છે પણ એ દૂર કરવા સરકારે અને તંત્રે શું કર્યું? આ મુદે પોસ્ટમોર્ટમ કરી સર્જરી કરવાની જરૂર છે



ખબર ની KHABAR કૌશિક મહેતા



ગુજરાતનાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસુરીયાએ કુલપતિઓની બેઠકમાં અફસોસ કે ઉકળાટ વ્યક્ત કર્યો કે, આપણી શિક્ષણ વ્યવસ્થામાં ખામી છે નહિ તો ખ્યાતી હોસ્પિટલ જેવા કાંડ બને નહિ. એમણે એમ પણ કહ્યું કે, અધ્યાપકો વર્ગમાં જે ભણાવે છે એનાથી તો વધુ જ્ઞાન આપતા વિડીયો યુટ્યુબમાં જોવા મળે છે. એમણે અધ્યાપકોને અપડેટ રહેવા સલાહ આપી.

એક રીતે ગુજરાતનાં શિક્ષણમાં ખામી જ ખામી છે એનો શિક્ષણ મંત્રીએ સ્વીકારે કર્યો હતો. અને આ વાત માત્ર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને લાગુ પડતો નથી, ગુજરાતમાં પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી સમસ્યાઓ ગંભીર છે અને હવે એ વકરી ગઈ છે. ડ્રોપ આઉટ રેશિયોથી માંડી શિક્ષણની ગુણવત્તા સુધીની સમસ્યાઓ છે. અને એમાં અધ્યાપકો જ નહિ , સંચાલકો જ નહિ પણ સરકાર ખુદ પણ દોષી છે.

આજે ય ગુજરાતમાં શાળાઓમાં ચાલીસ હજાર જેટલા શિક્ષકોની ભરતી બાકી છે. સરકાર કહે છે કે, ૧૨૭૫ શાળાઓ એવી છે જ્યાં માત્ર એક જ શિક્ષક છે પણ કોંગ્રેસ આરોપ મુકે છે કે, આવી શાળાઓની સંખ્યા ૧૬૦૬ છે. ૧૪૫૬૨ શાળાઓ એવી છે જ્યાં ઓરડાની ઘટ છે અને એ કારણે એક વર્ગમાં એકથી વધુ ધોરણનાં વિદ્યાર્થીઓને બેસાડવા પડે છે. ૩૩૫૩ શાળાઓ એવી છે જ્યાં ઓરડા જર્જરિત છે. ગામડામાં વધુ સમસ્યા છે. ત્યાં શિક્ષકો નથી અને હોય તો એ ભણાવવા આવતા નથી. અથવા તો પેટા કોન્ટ્રેક્ટ આપવામાં આવે છે. રાજકોટ નજીક તો આખી શાળા નકલી પકડાઈ હતી. ઘણા ગ્રામ્ય વિસ્તારમાં તો મકાન જર્જરિત હોવાથી શાળા ખુલ્લા મેદાનમાં કે ઝાડ નીચે ચાલે છે. આ ઉપરાંત ડ્રોપ આઉટ રેશિયાની સમસ્યા છે. શાળા પ્રવેશોત્સવ ઉજવાય છે પણ ભરતીથી માંડી ભૌતિક સુવિધાઓની સમસ્યાનો અંત લવાતો નથી.

એક બીજી પણ સમસ્યા છે કે, ગુજરાતી અને ગણિતમાં વિદ્યાર્થીઓ કાચા પડી રહ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨નાં પરિણામો આ વિષયે આંગળી ચીંધે છે. વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. અને આ મુદ્દે ગુજરાતમાં કોઈ ચિંતા કે ચિંતન કરતા હોય એવું લાગતું નથી. તાજેતરમાં સોમનાથમાં ભાજપની સરકાર અને અધિકારીઓની ચિંતન બેઠક થઇ એમાં કથળતા શિક્ષણ અંગે વાતચીત થઇ હોય એવી માહિતી મળતી નથી.

યુનિવર્સિટીની વાત કરીએ તો રાજ્યમાં ૧૯૭ યુનિવર્સિટી છે અને એના માટે ગુજરાત સરકારે રેટિંગ શરૂ કર્યું છે. દર વર્ષે એ રેટિંગની જાહેરાત થઇ અને એમાં માત્ર ચાર યુનિવર્સિટીને જ ફાઈવ પ્લસનું રેટિંગ મળ્યું છે અને કુલ ૪૦ યુનિવર્સિટીએ જ આ પ્રક્રિયામાં ભાગ લીધો. એટલે ૩૮નું જ રેટિંગ નક્કી થયું. આ જ રીતે યુજીસી દ્વારા નેક રેટિંગ થાય છે એમાં પણ ગુજરાતની બહુ ઓછી યુનિવર્સિટી અને કોલેજ ભાગ લે છે. દેશની પહેલી દસ યુનિવર્સિટીમાં ગુજરાતની એક પણ યુનિવર્સિટીને સ્થાન મળતું નથી. હમણાં જે રેટિંગ ગુજરાત સરકાર દ્વારા જાહેર થયું એમાં ૧૬ યુનિવર્સિટીને સારું રેટિંગ મળ્યું છે અને એમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સમાવેશ નથી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીઓ વહીવટ ખાડે ગયો છે. એનું એક કારણ એ પણ છે કે, ચારેક વર્ષથી વીસીની નિયુક્તિ થઇ નથી. ઈન્ચાર્જથી કામ ચલાવાય છે. નવા યુનિવર્સિટી એક્ટ બાદ પસંદગીની પ્રક્રિયા થઇ પણ નિયુક્તિ થઇ નથી એના પાછળ રાજકારણ જવાબદાર છે. ક્યાંક ભાજપના બે જૂથ લડે છે , ક્યાંક ભાજપ અને સંઘ વચ્ચે સમસ્યા છે. એટલું જ નહિ યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઓછી છે. રાજ્યમાં સૌથી વધુ ખાનગી યુનિવર્સિટી છે. આખા દેશમાં આ સંખ્યા ગુજરાતમાં વધુ છે, ૬૦ ખાનગી યુનિવર્સિટી છે. અને હા, સરકારી કરતા ખાનગી યુનિવર્સિટીમાં શિક્ષણની ગુણવત્તા વધુ સારી છે. બીજી બાજુ, ઈજનેરી કોલેજોની સંખ્યા એટલી વધી ગઈ છે કે, ત્યાં ય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે છે. ૫૦ ટકા બેઠકો ખાલી રહે છે અને પછી ૪૫ ગુણવાળા વિદ્યાર્થીઓને પણ એડમીશન આપી દેવામાં આવે છે.

ઉપરાંત પરીક્ષાઓમાં પેપર ફૂટવાની સંખ્યા વધતી જાય છે. નકલી માર્કશીટનાં કૌભાંડો બહાર આવે છે. કેટલીક કોલેજ શોપીંગ સેન્ટરમાં ચાલે છે. કેટલીક માત્ર કાગળ પર. અને પરીક્ષામાં ચોરી કરવી સામાન્ય ઘટના બની જાય છે. આવી ઘટના પણ વધી રહી છે. સરકારે અને શિક્ષણ વિભાગ શું કરે છે ? એ વિષે વાત શિક્ષણ મંત્રીએ કરી નથી. મુલ્ય અહી શિક્ષણની એમણે વાત કરી, સારી વાત છે પણ લોકભારતી જેવી મુલ્ય શિક્ષણ આપતી શિક્ષણ સંસ્થાઓને સરકાર મદદ કરતી નથી. એક વરિષ્ઠ મંત્રીએ આ સંસ્થાનું મુલાકાત બાદ કહેલું કે, આવા શિક્ષણમાં કોને રસ પડે. અહી સ્નાતક બનનારને નોકરી ના મળ્યાના દાખાલા નથી. જુનાગઢની કૃષિ યુનિવર્સિટીમાં પણ આવું જ છે. વિદેશથી વિદ્યાર્થીઓ ત્યાં ભણવા આવે છે.

નડીયાદના પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચાલતી આર્ટસ કોલેજમાં થોડા વર્ષ પહેલા વિદ્યાર્થીઓની સંખ્યાની સમસ્યા થઇ હતી અને કોલેજ બંધ થવાને આરે આવી ગઈ હતી. ત્યારે આ કોલેજનાં આચાર્ય પટેલે અધ્યાપાકો અને સ્ટાફની બેઠક બોલાવી. અને બધાના વિચાર માગ્યા કે વિદ્યાર્થીઓ વધે એ માટે શું કરવું? અને એક પ્લાન બનાવાયો એના અતર્ગત બે લોકોની ટીમ બનાવાઈ અને એમાં અધ્યાપકો અને સ્ટાફને નીમવામાં આવ્યા. આ ટીમ આસપાસના ૩૦ ૪૦ કિલોમીટરનાં વિસ્તારમાં ગામડાઓમાં જાય અને ગામના તલાટી કે શિક્ષકને મળે, ૧૨ પછી કોઈએ ભણવાનું છોડ્યું છે? એ વિગતો મેળવી જે તે ઘેર જાય અને વિદ્યાર્થી અને એના માતા પિતાને સમજાવે કે આગાળ ભણો, ભણાવો. એકાદ વર્ષ સુધી આવી જેહમત કર્યા બાદ એનું પરિણામ આવ્યું અને આજે આ કોલેજમાં પુરતા વિદ્યાર્થીઓ છે. ગુજરાતમાં કોઈ કોલેજે આ રીતે કામ કર્યું હોય એવું જાણમાં નથી.

અને શિક્ષણ મંત્રીએ અધ્યાપકોને અપડેટ રહેવાનું કહ્યું એ વાત સાવ સાચી છે. તગડા પગાર મળતા હોવા છતાં અધ્યાપકો મહેનત કરતા નથી. મારો એક અનુભવ કહેવો છે. મેં ઇકોનોમિકસ સાથે બીએ કર્યું. એ પૂરું કર્યા બાદ લગભગ બે વર્ષે મારા એક અધ્યાપક મારે ઘેર આવ્યા. હું તો રાજીરાજી. ચા નાસ્તો આપ્યા અને પૂછ્યું કે, સાહેબ કાઈ કામ હતું? તો કહે મેં તારું એડ્રેસ કોલેજનાં રજિસ્ટરમાંથી મેળવ્યું અને આવ્યો છું. મને આશા છે. મેં કહ્યું , સાહેબ જે પણ કામ હોય એ કહો. એમણે કહ્યું કે, મેં મારી જૂની નોટ ખોવાઈ ગઈ છે. અને મેં કેટલાક જુના વિદ્યાર્થીઓઓ પાસે તપાસ કરી પણ મેળ ના પડ્યો. હવે તારી પાસે આવ્યો છું. એ મારી સામે આશાભરી નજરે જોઈ રહ્યા હતા પણ મેં કહ્યું, સાહેબ બે વર્ષ થઇ ગયા, નોકરીએ લાગી ગયો છું. નોટ તો ક્યાંથી હોય. એમના ચહેરા પરની આશા કરમાઈ ગઈ અને નિરાશ વદને એ મારે ઘેરથી નીકળ્યા.

તમે વિચારો કે અધ્યાપકો પોતાની નોટ ખોવાઈ જાય તો ભણાવવું કેમ એની વિટંબણા અનુભવે છે. આમાં શિક્ષણની ગુણવત્તા ક્યાંથી સુધરે ? અધ્યાપકોની જવાબદેહી જ ક્યાં રહી છે? અને સરકારે વોચડોગનું કામ કરવું જોઈએ એ પણ ક્યાં થાય છે! અને એટલે શિક્ષણમાં ખામી રહે છે. અને ખ્યાતી કાંડ યોજાય છે.

### ઓનલાઇન-ઓફલાઇન ફ્રોડના કિસ્સાઓમાં વધુ બે લોકો બની ગયા શિકાર

# પંદર લાખના કમિશનની લાલચમાં ડીલરે ગુમાવ્યા એક કરોડ

## ગઠીયાઓએ બોગસ આંગડીયા પેઢી શરૂ કરી ડિલરને રૂપિયા મોકલાવ્યા અને તેનું RTGS ડિલરના ખાતામાં જ કરવાનું કહેવામાં આવ્યું હતુંઃ રૂપિયા આવતાં જ પેઢી બંધ થઇ ગઇ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા. ૬

છેતરપીંડીની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. ક્યારેક ઓનલાઇન ફ્રોડ કરતાં ગઠીયાઓ લાખો કરોડો કટકટાવી જાય છે તો ક્યારેક હમે તો અપનોને લૂંટા જેવું થઇ જાય છે. એટલે કે અમુક છેતરપીંડીના બનાવોમાં ઓળખીતા પારખીતા જ પથારી ફેરવી જાય છે. આવી જ બે ઘટના સામે આવી છે જેમાં એક ઓટોમોબાઇલ ડીલરને પંદર લાખનું કમિશન આપવાની લાલચ દઇ અધધધ એક કરોડનો ચુનો લગાવી દેવાયો છે. તો બીજા બનાવમાં દિવ્યાંગ પેટ્રોલ પંપ સંચાલકને વિશ્વાસુ મેનેજરે અડધા કરોડમાં છેતરી લીધા છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો પંદર લાખનું કમિશન મેળવવા જતાં અમરેલીના ઓટોમોબાઇલ ડીલરે એક કરોડ ગુમાવ્યા છે. ઠગ ટોળકીએ અમદાવાદ, નવરંગપુરામાં બોગસ આંગડીયા પેઢી શરૂ કરી ડિલર પાસે રૂપિયા મોકલાવ્યા અને તેનું આરટીજીએસ ડિલરના ખાતામાં જ કરવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ રૂપિયા આવતાં જ પેઢી બંધ થઇ ગઇ હતી. આ બાબતે ડીલરે ફરિયાદ નોંધાવતાં નવરંગપુરા પોલીસે વધુ તપાસ આદરી છે. આ બનાવની જાણવા મળતી વિગતો એવી છે કે બાબરામાં હોન્ડાની ટુ વ્હીલરની ડીલરશીપ ધરાવતા જયદીપ કિશોરભાઇ રાવરાણીને છ મહિના પહેલા સ્થાનિક વિસ્તારના ગોપાલ પિતલાબોયએ ૨૫ લાખ રૂપિયાની અન સિક્યોર લોન કરાવી આપી હતી.

જેને પગલે તેઓ સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ ગોપાલે જયદિપને કહ્યું હતું કે જો તમારી પાસે રોકડા રૂપિયા હોય તો આરટીજીએસથી હરેકૃષ્ણ નારાયણ એન્ટરપ્રાઇઝમાં રૂપિયા ટ્રાન્સફર કરવામા આવે તો કંપનીમાંથી ટુકા સમયમાં કમિશન મળે. લાલચમાં આવી ગયેલા જયદીપ પાસે એક કરોડની સગવડ થતાં તેણે ગોપાલને વાત કરી હતી. ગોપાલે તેને રૂપિયા લઇને રાજકોટ બોલાવ્યો હતો અને ત્યાં નિલેષ સાથે ઓળખાણ કરાવી હતી અને એક કરોડનું આંગડીયું અમદવાદ કરવાનું કહ્યું હતું. એક કરોડ પર ૧૫ લાખ કમિશન નક્કી થયું હતું. જયદિપે પી.એમ.આંગડીયા પેઢીમાં એક કરોડ આંગડીયાથી મોકલી આપ્યા હતા. આ ટુકડીએ કહ્યું હતું કે આંગડીયાથી રૂપિયા કે.આર.પટેલ એન્ટરપ્રાઇઝ (આંગડીયા)માં મોકલવાના છે. જયદિપે પી.એમ. આંગડીયામાં આ રૂપિયા કે.આર. એન્ટ-ઇઝમાં મોકલવાનું કહેતા તેમણે આવી કોઇ પેઢીને પોતે ઓળખતા નથી તેમ કહી રૂપિયા મોકલ્યા નહોતા.



બીજા બનાવમાં દિવ્યાંગ પેટ્રોલ પંપ સંચાલક સાથે વિશ્વાસુ મેનેજરની દગાખોરી અડધો કરોડ ખાઇ ગયો

ત્યારપછી નિલેષે પોતાનો માણસ નરેન્દ્ર અમદાવાદ હોઇ તે આ રૂપિયા કે.આર.એન્ટર-ઇઝમાં જમા કરાવી દેશે તેમ કહ્યુ હતું. જયદિપને શંકા જતાં તેણે નરેન્દ્ર સાથે પોતાના મિત્ર પલકને નવરંગપુરા ખાતે કે.આર. એન્ટરપ્રાઇઝમાં મોકલ્યા હતા. જ્યાં રૂપિયા જમા કરાવ્યા બાદ આરટીએજીએસ દ્વારા જયદિપના ખાતમાં રૂપિયા જમા થશે. તેમ કહ્યું હતું. સમય પસાર કરી આંગડીયા પેઢીનો કર્મચારી ઓફિસ બંધ કરીને ચાલ્યો ગયો હતો. પરંતુ આરટીજીએસથી રૂપિયા આવ્યા નહોતા. બીજી દિવસે તપાસ કરતાં આવી કોઇ પેઢી ન હોવાનું ધ્યાને આવતાં પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી.

બીજી ઘટના જોઇએ તો એક પેટ્રોલ પંપના મેનેજરે જ્યાં ખાધુ એ થાળીમાં જ થુંક્યા જેવુ કર્યુ છે. પંપના માલિકે મેનેજરને વિશ્વાસુ ગણી તેને તમામ જવાબદારી સોંપી હતી. પણ આ મેનેજરે વિશ્વાસઘાત કર્યો હતો અને શેઠની જાણ બહાર સોળ લાખ ચૌદ હજારની લોન પેટ્રોલ પંપ ઉપર લઇ વાપરી નાખી હતી. આ ઉપરાંત ચોવીસ લાખનું પેટ્રોલ ડીઝલ બારોબાર ઉડાવી દીધુ હતું અને સીસી લોન પણ મેળવીને રૂપિયા ચાંઉ કરી લીધા હતાં. દિવ્યાંગ એવા પેટ્રોલ પંપના માલિકે આ મામલે હવે પોલીસને જાણ કરી છે.

છેતરપીંડીની અનેક ઘટનાઓ વચ્ચે આ વધુ એક બનાવ નોંધાયો છે. આ બનાવ અમરેલીના લાઠી તાબેના ચાવંડ ગામનો છે. વિગતો જોઇએ તો ચાવંડ ખાતે રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલ નુરી પેટ્રોલપંપના મેનેજરે માલિકની જાણ બહાર જ લાખો રૂપિયાના વહીવટ કરી અને નાણાં ચાંઉચ કરી દિવ્યાંગ પંપ માલિક-સંચાલક સાથે અડધા કરોડ જેવી છેતરપીંડી આચરી હતી.આ અંગે લાઠી પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી આદરી હતી. પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી અનુસાર અમરેલીના ઘાંચીવાડા વિસ્તારમાં રહેતા ઓગણસાઇઠ વર્ષના રહીમભાઈ જમાલભાઈ રાધનપરા નામના પેટ્રોલ પંપ સંચાલકે લાઠી પોલીસ ખાતે ફરિયાદ નોંધાવી હતી કે ગુલામઅહેમદ દિલાવરભાઈ જાખરા નામના શખ્સે તેમના પેટ્રોલપંપમાં મેનેજર તરીકે નોકરી દરમિયાન તેમની જાણ બહાર જ નુરી પેટ્રોલપમ્પના નામે સહી વાળું ખોટું એફિડેવિટ તૈયાર કરી અને ખરા તરીકે ઉપયોગ કરી ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનમાં આપી ઈડલર ફાઈનાન્સ સ્કીમ મેળવી એ પછી આઈસીઆઈસીઆઈ બેન્ક બાબરા ખાતે રજુ કરી ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનમાં પરચેઝ ઓર્ડર કરી આશરે રૂપિયા ૨૪,૦૦,૦૦૦નું પેટ્રોલ-ડીઝલ મેળવી લીધું હતું.

આ ઉપરાંત ચાવંડ મુકામે બેંકમાં રહેલ સી.સી ખાતાની રકમ રૂપિયા ૪,૦૦,૦૦૦ મેળવી લીધી હતી . તે ઉપરાંત અમરેલી બજાજ ફાયનાન્સમાંથી રૂપિયા ૧૬,૧૪,૦૦૫ની લોન લઈને અંગત ઉપયોગમાં લઈને અમુક હપ્તાઓ ભરી હાલ રૂપિયા ૧૧,૬૩,૨૩૨ વ્યાજ સહિતની રકમ બાકી રાખી દીધા હતાં. એ ઉપરાંત લાઠી ખાતે આઇઆઇએફએલ ફાયનાન્સમાં ખોટી સહિઓ કરી અને ચેકમાં પણ ખોટી સહી કરી રૂપિયા ૯,૫૦,૫૧૩ ની લોન લઈને તેના ખાતામાં નાખી અંગત ઉપયોગ કરી નાખ્યો હતો. આમ દિવ્યાંગ પેટ્રોલ પંપ સંચાલક સાથે જાણ બહાર જ ગોટાળાઓ કરી આશરે રૂપિયા ૪૯,૧૩,૭૪૫ની રકમ અંગત ઉપયોગ માટે વાપરી છેતરપીંડી આચરી હતી.આ બનાવને લઈને વેપારીએ લાઠી પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ શહીદ (ભાગ-૨)

## ગીધ અધમ જાતી હોવા છતાં, જટાયુ રામરાજ્ય માટેનો પ્રથમ શહીદ છે!



માનસ શહીદની બીજા દિવસની શરૂઆત એક પ્રશ્નથી કરી, એક જિજ્ઞાસુએ એક સાધુને શહીદની વ્યાખ્યા શું છે એ પૂછ્યું? એ સાધુ વિતરણ કરે છે અનુરાગી છે ત્યાગી છે ઉદાસીન છે સાધુતાના બધા જ લક્ષણોથી એ મહાપુરુષ સંપન્ન છે. આજે એક બીજો પ્રશ્ન પણ છે કે કથા પ્રેમયજ્ઞ છે તો શું પ્રેમમાં પૈસાની જરૂર પડે? પ્રેમમાં પૈસાની જરૂર પડે જ, અહીંયા જે પૈસાની વાત છે એમાં પૈસા નથી ખર્ચાતા, એમાં લક્ષ્મીનું દાન થઈ રહ્યું છે. તમારે કે મારે આ આયોજનમાં એક પણ રૂપિયાનો ખર્ચ નથી, પણ મેં નાનુભાઈ ને પૂછ્યું કે આખા આયોજનનો ખર્ચ કેટલો? બહુ મોટો આંકડો છે, એ ઉપરાંત એમણે પાંચ કરોડ આ શહીદોના પરિવાર સેવા માટે પણ આપ્યા! એટલે સ્પષ્ટપણે લક્ષ્મીનું દાન થઈ રહ્યું છે.

યજ્ઞનો નિયમ છે કે કોઈપણ યજ્ઞ હોય ત્યાં પાંચ વસ્તુ હોવી જોઈએ

"સૌપ્રથમ યજ્ઞમાં શ્રદ્ધા હોવી જોઈએ ગમે તે યજ્ઞ, ગાયત્રી કે વૈદિક યજ્ઞ હોય એમાં શ્રદ્ધા અનિવાર્ય છે. આપણો તો શહીદોની સ્મૃતિમાં આ પ્રેમ યજ્ઞ છે! મેં ઘણી વાર કહ્યું છે કે કથા પુણ્ય માટે સાંભળતા નહીં કે સ્વર્ગ માટે સાંભળતા નહીં! છતાં તમે બધા આવ્યા છો સૌ શ્રદ્ધા લઈને આવ્યા છે, દેશના શહીદો માટેની આ શ્રદ્ધા છે. ભગવદ્ ગીતા તામસી રાજસી અને સાત્વિક એમ ત્રણ પ્રકારની શ્રદ્ધાની વાત કરે છે.

બીજું મંત્ર વગર યજ્ઞ ન થાય! કોઈપણ યજ્ઞમાં મંત્ર પ્રધાન હોય છે, અને મંત્રનો એક અર્થ વિચાર પણ છે. યજ્ઞ માટે જરૂરી તત્વ મંત્ર છે, અને માનસ માં રામ મહામંત્ર છે, પરંતુ આ ટ્રસ્ટનાં અગ્રણીઓ કે વડીલોએ એક મંત્ર, એક વિચાર આપ્યો છે કે, દેશ માટે કુરબાન થયેલા શહીદોના પરિવારની આપણે યથાશક્તિ સેવા કરવી જોઈએ.

મહામંત્ર જોઈ જપત મહેસૂ,
કાસી મુકુતિ હેતુ ઉપદેસૂ.

દ્રવ્ય યજ્ઞ માટે ત્રીજું તત્વ દ્રવ્ય જોઈએ. જવ, તલ, ચોખા, ઘી, કાષ્ઠ, નાનકડો મંડપ, આ બધું દ્રવ્ય વગર ન થાય! નાનકડો એવો યજ્ઞ કરો તમારા ઘરે તો તમારે પણ દ્રવ્ય જોઈએ પાંચ જણને જમાડવા પડે અથવા ફળાહાર કરાવો પડે.

ચોથું તત્વ છે વિધિ વિધિ વગર યજ્ઞ ન થાય મને ને તમને ફાવે એમ યજ્ઞ ન થાય, તેનો એક વિધિ હોય પૌરાણિક વિધિ કે અથવા તો વિશ્વાસપૂર્વકનો વિધિ! જેમ કે આ પ્રેમ યજ્ઞ ૯:૩૦ વાગે શરૂ થાય, એટલે વિધિ હોય મંગલાચરણથી ભૂમિકા બંધાય. આપણે તો વિશેષ મનોરથ લઈને બેઠા છીએ, એટલે આપણાં શહીદો અથવા એમના પરિવારોનું સન્માન થાય, જેમણે લડાઈ કરી હોય તેનું સન્માન થાય, સામસામે લડ્યાં, કેટલાયને વિંધિને બેઠા છે, એના પરિવારને કાંઈ દ્રવ્ય આપીએ તો એ ઠીક છે, બાકી આ કુરબાનીને પૈસામાં તોળી શકાય એમ છે જ નહીં.

યજ્ઞનું પાંચમું તત્વ ભાવ છે, યજ્ઞમાં ભાવ હોવો જોઈએ, નહીં તો બધું જ નિષ્ફળ જાય કેટલો ભાવ લઈને તમે આવ્યા છો! એટલે આ પ્રેમ યજ્ઞ છે. પ્રેમ યજ્ઞમાં દ્રવ્યની જરૂર છે, આ ખર્ચ બેકાર ખર્ચ નથી. આપણને બધાને આ શહીદો અને એના પરિવાર પ્રત્યે અનહદ ભાવ છે. પંડિત નહેરુજી એ જ્યારે લતા દીદી, એ મેરે વતન કે લોગો.. ગાયું ત્યારે એ રેશનાલિસ્ટ હતા એટલે કે દિમાગના માણસ હતાં, છતાં એમની આંખોમાં આંસુ હતા. આમ પણ બોર્ડર ઉપર ગુજરાતી, શીખ, મરાઠા, ગુરખા, કે મદ્રાસી એવું નથી હોતું, હર વીર થા ભારત વાસી!

એ બધા જ શહીદોની અંતિમવિધિ એના વતનમાં થાય છે, પણ મૂળમાં એ સૈનિકનું જ્યાં જ્યાં લોહી પડ્યું છે, એ બધાં પહાડો એની સમાધિઓ છે, આટલી ઊંચી સમાધિ વિશ્વમાં કોની હશે?

દેશનો એક એક નાગરિક ૩૦ જાન્યુઆરી એટલે કે શહીદ દિવસે, જો માત્ર એક રૂપિયાનું દાન કરે તો, સવાસો કરોડ રૂપિયા આ શહીદોના પરિવાર માટે વપરાય. મારી આ વાત કોઈ સાંભળે અને દિલ્હી સુધી પહોંચે, તો આ એક બહુ મોટું યોગદાન થશે.

કથાની શરૂઆતના પ્રશ્ન પર આવતા કહ્યું કે એ મહાપુરુષને સૈનિકના લક્ષણો શું હોઈ શકે?

સૈનિક થવા માટે તો કેવા કેવા નિયમો હોય એ નિયમોની વાત નથી, પરંતુ એક સાધુ વાત કરે છે ત્યારે આધ્યાત્મિક વાત કરે સાધુએ જવાબ આપે છે

(૧) શહીદનું પ્રથમ લક્ષણ તે જાણતો બધું જ હોય પણ બોલે નહીં, એટલે કે મારા દેશનો નાગરિક છે, તે દેશનું રહસ્ય જાણતો હોય પણ ગુપ્તતાને ખુલ્લી ન કરે! રાષ્ટ્રનું રહસ્ય કોઈ સામે ચત્તું ન કરે, રાષ્ટ્રને દગો ન દે! અને બોલે ત્યારે દેશ હિતમાં બોલે અને ધન્ય કરી દે.

(૨) શહીદનું બીજું લક્ષણ તે પંડિત ન હોય પણ ડાહ્યો બહુ હોય, માના કોઠામાંથી જ ડહાપણ શીખીને આવ્યો હોય સરહદ ઉપર સૈનિક હોય તે સંસ્કૃત ભણેલા હોય એ જરૂરી નથી, એ હિન્દી બોલે, કે પોતાની ભાષા બોલે, પરંતુ એનામાં ડહાપણ એટલે કે કયા સમયે શું કરવું જોઈએ એની એને ખબર હોય.

(૩)શહીદનું ત્રીજું લક્ષણ સાચો હોય પણ હું બધું જ જાણું છું, એમ સચ્ચાઈનો દંભ ન કરે, ડોળ ન કરે, કોઈ દેખાડો ન કરે!; બડાઈ મેળવવાની કોશિશ ન કરે.એને કોઈ ટાપટીપની એટલે પદ પ્રતિષ્ઠાની જરૂર ન પડે!

(૪) શહીદનું ચોથું લક્ષણ સરહદ પર રહીને દેશની રક્ષા કરવા માટે પ્રાણ આપે એ તો છે જ, પણ બે સૈનિકો સાથે જતા હોય, અને લાગે કે આનો પ્રાણ જશે ત્યારે એનો પ્રાણ બચાવવા માટે પહેલા પોતે કુરબાન થઈ જાય એ સાચાં શહીદનું લક્ષણ છે.

(૫) શહીદનું પાંચમું લક્ષણ તે હંમેશા પાછળ રહે! એટલે કે પોતાની પદ પ્રતિષ્ઠામાં એ અન્યને આગળ રાખે છે.

તો આ કથાની ભૂમિકામાં બે ચોપાઈ લીધી છે, જે કિષ્કિંધા કાંડની છે. અંગદ ટુકડીનો નાયક છે, એ આગળ ચાલે છે, અને હનુમાનજી પ્રાણનું રક્ષણ કરવા વાળા પાછળ છે. અંગદ એટલે અંગનું દાન કરવા વાળો, અથવા તો સમર્પણ ભાવ લઈને આગળ વધે છે. કિષ્કિંધા કાંડમાં માત્ર ૩૦ ચોપાઈ છે. જંગલમાં આ ટુકડી ભૂલી પડે છે, અને બધાને ભૂખ તરસ લાગે છે. જાનકીની ખોજ, એટલે કે રાષ્ટ્રની શાંતિની ખોજ, રાષ્ટ્રની ઊર્જાની ખોજ, કે મહાશક્તિની ખોજ કરતા કરતા ભૂખ અને તરસથી વ્યથિત થયેલી આ ટુકડીને જોઈ હનુમાનજીને થયું કે હવે હું આગળ જાઉં, અને પાણીની શોધ કરું નહીં તો આ લોકોના પ્રાણ જશે!

સ્વયં પ્રભા કે જે તપપુંજ અને તેજપુંજ છે એ તપસ્વીની ગુફામાં બધા પ્રવેશ કરે છે. તપસ્વીની બધાને સીતા સુધી પહોંચાડવા તૈયાર થઈ જાય છે, પણ વાનર એની ચંચળતાને કારણે વહેલાં આંખ ખોલી નાખે છે, અને આમ સમુદ્રનાં કિનારા સુધીની યાત્રા થાય છે. સંપાતી જટાયુનું નામ સાંભળી અને બહાર આવે છે, અને જટાયુ એનો ભાઈ થાય એવું કહે છે, સૌને અભય વરદાન આપે છે.

કહા અંગદ વિચારી મન માહી,
ધન્ય જટાયુ સમ કોઉ નાહિ,
રામ કાજ કારન તનુ ત્યાગી,
હરિ પુર ગયઉ પરમ બડભાગી.

ગીધ જેવી અધમજાતી હોવા છતાં, અંગદ જેવો બુદ્ધિમાન એને ધન્ય અને બડભાગી શબ્દનો ઉચ્ચાર કરે, ત્યારે અન્ય વાનરો જામવંત સામે જોઈને પ્રશ્નાર્થ કરે છે! ગીધ અધમ જાતી છે, માંસાહાર કરે છે, પરંતુ એ રામકાર્ય માટે શહીદ થયા છે. સરહદ પર શહીદ થનારા કંઈ ફળાહારી કે શાકાહારી જ હોય એવું જરૂરી નથી, છતાં એનું રાષ્ટ્રધર્મ અદા કર્યો છે, માટે એ ધન્યતાને પાત્ર છે. જટાયુ રામ કાર્ય માટે શહીદ થયા છે માટે એ ધન્ય છે. જટાયુ રામચરિત માનસના પ્રથમ શહીદ છે, અને એટલે જ હું આ શહીદોને અપાતા એવોર્ડમાં એક નામ જટાયુ એવોર્ડ જાહેર કરું છું. કથાના ક્રમમાં પરમાત્માના નામની વંદના કરી એના નામનો મહિમા ગાયો, રામનામ આદિ અનાદિ છે, તેથી રામનામ લ્યો,કથાને ત્યાં સુધી લઈ જઈ વિરામ આપ્યો.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### છવ્વીસ વર્ષની યુવતિને લાદીના ધંધાર્થીએ લવલફરામાં અને લગ્નની લાલચમાં ફસાવી સર્વસ્વ લૂંટી લીધુઃ પછી બીજે સગાઇ કરી લીધી

# લવ, સેક્સ, ધોખાઃ પ્રેમીએ બીજે સગાઇ કરી લેતાં પ્રેમિકાએ વખ ઘોળ્યું

### યુવતિએ ફોન કરતાં તું તારા રસ્તે હવે મને ફોન ન કરતી કહી દગાખોરી કરીઃ આઘાતમાં એસિડ પી ગઇઃ મોરબી પંથકની યુવતિ રાજકોટ સારવાર હેઠળ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૦૬**

આજના ઇન્ટરનેટના યુગમાં કહેવાતા પ્રેમીઓ લેભાગુ બનીને ત્રાટકતા જ રહે છે. પોતાની પ્રેમજાળમાં મોહજાળમાં ગમે તે સગીરા કે યુવતિઓને ફસાવી લવલફરા, લગ્નની લાલચના નામે જે તે બાળા કે યુવતિનું સર્વસ્વ લૂંટી લઇ પછી તેને જાકારો આપી દેતાં હોય છે. લવ સેક્સ ઔર ધોખા...પછી સંબં ધ નોખા એવા સુત્રને સામે રાખીને શિકાર શોધતા લેભાગુઓ પૈકી વધુ એક આવા શખ્સની ઝાળમાં એક યુવતિ ફસાઇ જતાં તેણીને એસિડ પીવાનો વારો આવ્યો હતો. આ યુવતિ પ્રેમમાં દગાખોરી મળતાં આપઘાતનો પ્રયાસ કરવાને કારણે રાજકોટ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

લાલબત્તી સમાન એવી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો મિત્રતા અને બાદમા કહેવાતા પ્રેમના નામે ફસાવી યુવતિઓનું શોષણ કરી કહેવાતા પ્રેમીઓ પોતાનો સ્વાર્થ સાધી લીધા પછી તેણી સાથેના સંબંધ ખતમ કરી નાખતા હોય છે. આવા સતત બનતા બનાવો વચ્ચે વધુ એક કિસ્સો મોરબી પંથકમાં બન્યો છે. છવ્વીસ વર્ષની યુવતિ એક ખાનગી સ્થળે નોકરી કરતી હોઇ ત્યાં આવતાં એક શખ્સે તેણી સાથે ઓળખાણ કેળવી બાદમાં પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી તેનો દેહ ભોગવી લીધો હતો. પરંતુ બાદમાં આ યુવાને બીજી યુવતિ સાથે સગાઇ કરી લેતાં તેમજ યુવતિએ લગ્ન માટે ફોન કરતાં આ શખ્સે હવે ફોન કરતી નહિ, તુ તારા રસ્તે અને હું મારા રસ્તે તેમ કહી ધમકી આપતાં આઘાતને કારણે તેણીએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરી લીધો છે.



આ ઘટનામાં વધુ માહિતી જોઇએ તો મોરબી પંથકમાં રહેતી છવ્વીસ વર્ષની યુવતિએ વોટર પ્લાન્ટ નજીક એસિડ પી લેતાં મોરબી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતાં મોરબી તાલુકા પોલીસને હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે નોંધ કરાવી હતી. યુવતિ છ ભાઇ બહેનમાં વચેટ છે અને ખાનગી નોકરી કરે છે. યુવતિએ આવુ પગલુ શા માટે ભર્યુ? તેની સમગ્ર વિગતો જણાવતાં તેણીના ભાઇએ કહ્યું હતું કે મારી બહેન જ્યાં નોકરી કરે છે એ સ્થળે એક એક યુવાન અને તેના પત્નિ આવતાં હોઇ એ યુવાન સાથે તેનો એક મિત્ર પણ આવતો હતો. આ શખ્સે મારી બહેન સાથે પરિચય કેળવ્યો હતો અને મિત્રતા બાંધ્યા બાદ તેણીને પોતે લગ્ન કરવા ઇચ્છે છે તેમ કહી પ્રેમજાળમાં ફસાવી હતી. લગ્નની લાલચ દઇ આ શખ્સે મારી બહેન સાથે અલગ અલગ સ્થળે શરીર સંબંધ પણ બાંધી લીધા હતાં.

પરંતુ હવે મારી બહેન તેને લગ્ન માટે કહેતી હતી ત્યારે તે જુદા જુદા બહાના બતાવતો હતો. એ વખતે જ મારી બહેનને ખબર પડી હતી કે તેની જાણ બહાર તેના પ્રેમીએ બીજે સગાઇ કરી લીધી છે. આથી તે આઘાતમાં ગરક થઇ ગઇ હતી. તેણે પ્રેમીને ફોન કરી આવી દગાખોરી શું કામ કરી? તેમ પુછતાં પ્રેમીએ હવે તું તારા રસ્તે અને હું મારા રસ્તે, હવે પછી મને ફોન કરતી નહિ તેમ કહી ધમકાવી હતી. આથી મારી બહેનને માઠુ લાગી જતાં તેણીએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. મામલતદાર ડીડી લેવા આવ્યા તેને મારી બહેને વિગતો જણાવી હતી. આ મામલે અમે વૈભવ નામના શખ્સ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવવા કાર્યવાહી કરી છે. આ ઘટનાએ ભારે ચકચાર જગાવી છે તો સાથે સાથે લાલબત્તી પણ ધરી છે કે ગમે તેની સાથે મિત્રતા કે પ્રેમના પાઠ ભણતા પહેલા, આગળ વધતાં પહેલા ચેતવું વિચારવું ખુબ જરૂરી બની ગયું છે.

# ટિકિટ વગર મુસાફરી કરતા ૬૨,૮૦૩ યાત્રીકો કરાયા દંડિત

### રાજકોટ રેલવે ડિવિઝને એપ્રિલથી નવેમ્બર માસ દરમિયાન ૪.૪૦ કરોડનો વસૂલ્યો દંડ



રાજકોટ, તા. ૬

રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા અત્યંત મહત્વની માહિતી પૂરી પાડવામાં આવી છે જેમાં એપ્રિલ થી નવેમ્બર મહિના દરમિયાન પશ્ચિમ રેલવે માં રાજકોટ ડિવિઝન દ્વારા ટિકિટ ચેકિંગ હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ આ ઝુંબેશ દ્વારા રાજકોટ રેલ્વે સ્ટેશન ૪.૪૦ કરોડની રકમની વસુલાત કરી છે સાથોસાથ મુસાફરોને મુસાફરી અને વધુ સેવાઓ સારી રીતે મળતી રહે તે માટે પગલાઓ લેવામાં આવી રહ્યા છે. રાજકોટ રેલવે ડિવિઝનમાં યાત્રિકોને મેલ તથા એક્સપ્રેસ અને હોલીડે સ્પેશિયલ તેમજ લોકલ ટ્રેનમાં યોગ્ય સુવિધા મળી રહે તે હેતુસર કામગીરી કરવામાં આવી છે.

રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ અત્યંત અનુભવી ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા એપ્રિલ થી નવેમ્બર દરમિયાન અનેક ટિકિટ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી જેમાં ૪.૪૦ કરોડ રૂપિયા મળ્યા છે. નવેમ્બર ૨૦૨૪ દરમિયાન ટિકિટ વિનાના, તથા લગેજ બુક ન કરાવ્યો હોય તેવા અને ઉચ્ચ વર્ગમાં યાત્રા કરતા હોય તેવા અનાદિકૃત અને અનિયમિત મુસાફરો ના ૬૩૭૭ મામલા શોધીને ૪૧.૨૨ લાખની રકમ વસૂલવામાં આવી હતી. રાજકોટ રેલવે ડિવિઝનના સંપર્ક સૂત્રના જણાવ્યા અનુસાર ગેરકાયદેસર મુસાફરોને રોકવા માટે નિયમિત સરપ્રાઈઝ ટિકિટ ચેકિંગ પણ હાથ ધરવામાં આવતું હોય છે.

આ ડ્રાઇવોના પરિણામે એપ્રિલથી નવેમ્બર માસ દરમિયાન આશરે ૬૨,૮૦૩ અનઅધિકૃત યાત્રીઓ પાસેથી ૪ કરોડથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો એટલું જ નહીં આ તમામ યાત્રિકોને ટિકિટ લઈને મુસાફરી કરવા માટે અપીલ પણ કરવામાં આવી છે ત્યારે આવનારા દિવસોમાં જો યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો કાયદાકીય પગલા લેવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# રવિ સિઝનના પાકો માટે આધુનિક ખેતી પદ્ધતિ અંગેનું અપાયું માર્ગદર્શન




રાજકોટ મિરર, ખીરસરા તા.૬

રાજ્યના ખેડૂતોને રવિ સિઝનના પાકો માટે આધુનિક ખેતી પદ્ધતિ અંગેનું માર્ગદર્શન તેમજ સરકારના કૃષિલક્ષી અને ખેડૂત કલ્યાણ માટેની યોજનાઓ અંગેની માહિતી પૂરી પાડતા રવિ કૃષ મહોત્સવ-૨૦૨૪ નો રાજ્યકક્ષાનો કાર્યક્રમ દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી, બનાસકાંઠા ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત લોધીકા તાલુકા કક્ષાનો કાર્યક્રમ રમત ગમતનું મેદાન, થોરડી રોડ લોધીકા ખાતે માન. તાલુકા પંચાયત પ્રમુખ વિલાસબેન વિપુલભાઈ મોરડ, જિલ્લા પંચાયત સદસ્ય અલ્પબેન મુકેશભાઈ તોગડિયા, જિલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી વિપુલભાઈ મોરડ મનોજભાઈ રાઠોડ મહામંત્રી મોહનભાઈ ખૂંટ તથા તાલુકા તંત્રના વહીવટી અધિકારીઓ, ખેડૂતો તેમજ લોકોની હાજરીમાં યોજવામાં આવ્યો.

ઉપરોક્ત કૃષિ મહોત્સવ બે-દિવસ ચાલશે, જેમાં વિવિધ કૃષિ પરીસવાંદ, કૃષિ પ્રદર્શન, સરદાર પટેલ કૃષિ સંશોધન એવોર્ડ વિતરણ, બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ વિતરણ, પશુ આરોગ્ય કેમ્પ, સહકારી પ્રવુતિઓની રૂપરેખા સાથે વગેરે જેવા કાર્યક્રમો બે દિવસ યોજાશે તેવું આયોજકોએ જણાવ્યું હતું/ (ફોટો : ભીખુપરી ગોસાઈ )

### નવી દિલ્હી ખાતે આયોજિત ભારતીય આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળો-૨૦૨૪ ગુજરાતના હાથશાળ અને હસ્તકલા કારીગરોને ફળ્યો

# ગુજરાતના કારીગરોએ મેળામાં રૂ. ૧.૨૫ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ

### ગુજરાતના પરંપરાગત હાથવણાટ-હસ્તકલાના સુંદર ઉત્પાદનો બન્યા આકર્ષણનું કેન્દ્ર; મુલાકાતીઓ તરફથી મળી અપાર પ્રશંસા



અમદાવાદ, તા. ૬

ભારત સરકાર દ્વારા ગત તા. ૧૪ થી ૨૭ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ભારતીય આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતની વિરાસત સમા હાથશાળ અને હસ્તકલાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવામાં મુખ્ય ઉદ્દેશ્ય સાથે ગરવી ગુર્જરીએ આ મેળામાં ભાગ લીધો હતો. ગરવી ગુર્જરી દ્વારા આ મેળામાં રાજ્યના હાથશાળ અને હસ્તકલા કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલા ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યું હતું. જેમાં ગરવી ગુર્જરીએ અધધ રૂ. ૧.૨૫ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ કરવાની સિદ્ધિ હાંસલ કરી છે.

વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ હેઠળ ગુજરાતના વિશેષ ઉત્પાદનોને ભારતભરમાં પ્રોત્સાહિત કરવા તેમજ પરંપરાગત કળા, હાથશાળ અને હસ્તકલા સાથે સંકળાયેલા કારીગરોને એક ઉત્તમ મંચ પ્રદાન કરવા માટે ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમે (ગરવી ગુર્જરીએ) આ મેળામાં ભાગ લીધો હતો. જેમાં વિવિધ પુરસ્કારથી સન્માનિત ૦૬ કારીગરો સહિત ગુજરાતના કુલ ૬૦ કારીગરોએ પોતાના ૨૦થી વધુ ઉત્કૃષ્ટ ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કર્યું હતું. આ પ્રદર્શન દરમિયાન ગુજરાતની પરંપરાગત હાથવણાટ અને હસ્તકલાની સુંદર ચીજવસ્તુઓને મુલાકાતીઓ તરફથી અપાર પ્રશંસા મળી હતી.

આ પ્રદર્શનના માધ્યમથી ગુજરાતના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા અને પ્રોત્સાહન આપવા માટે ગરવી ગુર્જરીની પ્રતિબદ્ધતા સ્પષ્ટ થઈ હતી. પ્રદર્શન દરમિયાન ગરવી ગુર્જરીએ ગ્રાહકોને આકર્ષવામાં સફળતા તો મેળવી જ, પરંતુ કારીગરોને વિશાળ કલાપ્રિય ગ્રાહકો સાથે સંપર્ક કરાવી નોંધપાત્ર તકો પણ ઊભી કરી હતી. રાજ્ય સરકારની આ પહેલ સ્થાનિક કારીગરોને સશક્ત બનાવવા અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરે છે.

### પાંચ વર્ષથી જે વ્યક્તિ વિશ્વાસે ધંધો કરતો હતો તેણે વચ્ચે રહી સોદો કરાવ્યો, પછી એ પણ ફરી ગયો

# નવાગામની પેઢીને ઓઈલના સોદામાં લાગી ગયો ૨૨ લાખનો ચૂનો

### આણંદપર રૂડા ટ્રાન્સપોર્ટ નગરના પેઢી સંચાલકે નાગપુરના પિતા-પુત્ર અને વચ્ચે રહી માલ અપાનારા ગાંધીધામના શખ્સ વિરૂધ્ધ કુવાડવા પોલીસમાં એફઆઈઆર દાખલ કરાવી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૦૬**

ઠગાઇ, છેતરપીંડી, ફ્રોડની રોજબરોજની ઘટનાઓ વચ્ચે શહેરના કુવાડવા રોડ પર નવાગામ આણંદપરમાં રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં પેઢી ધરાવતાં પેલેસ રોડના યુવાન સંચાલક સાથે ગાંધીધામના એક શખ્સ અને એ શખ્સના પરિચીત એવા નાગપુરના પિતા-પુત્રએ મળી ઓઇલનો સોદો કરી સત્યાવીસ લાખનું ઓઇલ ખરીદી તેની સામે પાંત્ર પાંચ લાખ ચુકવી બાકીના બાવીસ લાખ ચુકવવામાં ગલ્લા તલ્લા કરી ખોટા બહાના બતાવતાં અને ચેક આપ્યા તે પણ અન્ય કોઇ પેઢીના નામના નીકળતાં પેઢી સંચાલકે કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં પોલીસે ત્રણેય વિરૂધ્ધ છેતરપીંડી વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી તપાસ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઠગાઇની આ ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે વર્ધમાનનગર પેલેસ રોડ પર રહેતાં બત્રીસ વર્ષના હીરેનભાઇ રામજીભાઇ પટેલની ફરિયાદ પરથી નાગપુરના ભાઉરાવ ગાવંડે, સ્પર્શ ગાવંડે અને ગાંધીધામ કચ્છના ચિરાગ હર્ષદભાઇ શાહ વિરૂધ્ધ રૂા. ૨૨,૦૪,૦૭૦ની છેતરપીંડી કરવાની ફરિયાદ દાખલ કરી તપાસનો ધમધમાટ આદર્યો છે. છેતરાઇ ગયેલા પેઢી સંચાલક હીરેનભાઇ પટેલે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને રૂડા ટ્રાન્સપોર્ટ નગર નવાગામ આણંદપરમાં પેટ્રોલ્યુબ્સના નામથી ભાગદારીમાં પેઢી ચલાવુ છું. મારી સાથે અન્ય ભાગીદારોમાં હેતલબેન અંકિતભાઇ મેથાણીયા તથા મારા પત્નિ રીમ્પલબેન હિરેનભાઇ પટેલ છે. અમારા બધાની ૩૩-૩૩ ટકાની ભાગીદારી આ પેઢીમાં છે. અમારી પેઢી ખરીદ-વેચાણનું કામ કરે છે.

તેમણે આગળ જણાવ્યું છે કે આ તમામ કામ મેનેજર મોરબીના અશ્વિનભાઇ ચંદુભાઇ ડાંગર સંભાળે છે. અમારી પેઢી દ્વારા ઓઇલનું હોલસેલમાં વેંચાણ પણ કરીએ છીએ. ગાંધીધામના ચિરાગ શાહ યાના એગ્રો ઇમ્પેક્ટ નામે અમારે ત્યાંથી છેલ્લા પાંચ વર્ષથી માલ ખરીદી વેંચાણ કરે છે. આજથી પાંચેક મહિના પહેલા અમારા મેનેજર અશ્વીનભાઇ અમારી રૂડા ટ્રાન્સપોર્ટનગરની પેટ્રોલ્યુબ્સ પેઢી ખાતે હતાં ત્યારે ચિરાગ શાહે ફોન કરી કહેલુ કે તેના જાણીતા નાગપુર-મહારાષ્ટ્રના ભાઉરાવ ગાવંડે અને તેનો દિકરો સ્પર્શ ગાવંડે ત્યાં નાગપુરમાં સ્પર્શ પેટ્રોલિયમની માલિકી ધરાવે છે. તેમને તમારી પાસેથી માલ ખરીદવો છે, તેમને તમે માલ આપજો પેમેન્ટની તમામ જવાબદારી મારી રહેશે.

ત્યારપછી ચિરાગે કોન્ફરન્સ કોલથી ભારઉરાવ ગાવંડે સાથે અમારા મેનેજર સાથે વાત કરી હતી. આ વાત મેનેજર અશ્વીનભાઇએ




સત્યાવીસ લાખનું ઓઇલ મેળવી માત્ર પાંચ લાખ જ મોકલ્યાઃ બાકીના રૂપિયા ખાઇ ગયા

મને કરી હતી. ચિરાગ શાહ અમારી સાથે પાંચ વર્ષથી વિશ્વાસ પુર્વક ધંધો કરતાં હોઇ જેથી અમે તેના પર ભરોસો રાખી તેના કહેવાથી ભાઉરાવ ગાવંડે સાથે ઓર્ડર માટે વાત કરી હતી. જે તે વખતે નક્કી થયેલુ કે માલ ચેક કરી પુરુ પેમેન્ટ આપવાનું રહેશે. એ પછી તા. ૨૯/૬/૨૪ના રોજ અમારી પેઢીમાંથી ભાઉરાવ ગાવંડેના નાગપુરની સ્પર્શ પેટ્રોલીયમના નામે અમે ૨૮૬૩૦ કિલોગ્રામ ડિસ્ટીલેટ ઓઇલ કે જેની કિમત રૂા. ૨૭,૦૪,૪૭૦ થાય છે તે માલ ટ્રાન્સપોર્ટ ખર્ચના રૂા. ૨,૫૬,૫૨૫ અલગથી ગણીને તેને નાગપુર ખાતે ૧૧/૭/૨૪ના રોજ મોકલ્યો હતો. માલ નાગપુર સમયસર પહોંચી ગયો હતો અને ભાઉરાવ ગાવંડે અને તેના દિકરા સ્પર્શ ગાવંડેએ માલ ચેક કરી લઇ માલ સંભાળી લીધો હતો.

એ પછીના બીજા દિવસે જ અમારી પેઢીના એકાઉન્ટમાં રૂા. ૫,૦૦,૦૦૦નું પેમેન્ટ મોકલી દીધુ હતું. બાકીના રૂપિયા તેઓ એક બે દિવસમાં આપશે તેમ કહ્યું હતું. પરંતુ અઠવાડીયુ વીતી ગયુ છતાં પેમેન્ટ ન આવતાં અમે ગાંધીધામના ચિરાગ શાહને વાત કરી હતી. ચિરાગ શાહે પણ બે ત્રણ દિવમસાં ભાઉરાવ પાસેથી પેમેન્ટ કરાવી દેશે તેવી વાત કરી હતી. એ પછી સ્પર્શ ગાવંડે નાગપુરથી ગાંધીધામ ચિરાગ શાહ પાસે આવેલ અને અમારા સેલ્સ મેનેજર અશ્વીનભાઇ સાથે બીજા મટીરીયલ્સની વાત કરી હતી. અમારુ બીજુ મીટીરીયલ સીઆરએલ ટર્મીનલ ખાતે હોઇ ચિરાગ અને સ્પર્ક ગાવંડે ત્યાં જોવા ગયા હતાં. આ મટીરીયલ ખરીદવાની પણ તેણે તૈયારી બતાવી હતી. ત્યારે અમારા મેનેજર અશ્વીનભાઇએ આગલા બાકી નીકળતા પેમેન્ટ વિશે પુછતાં સ્પર્શ ગાવંડેએ બે-ત્રણ દિવસમાં નાગપુર પહોંચીને મોકલી દેશે તેમ કહ્યું હતું.

જો કે તેણે કરેલા વાયદા મુજબ આ પેમેન્ટ અમને ન મળતાં અમે બીજા માલની ડિલીવરી કરી નહોતી. એ પછી અમે અવાર-નવાર સ્પર્શ અને તેના પિતા ભાઉરાવ પાસે તેમજ વચ્ચે રહેલા ગાંધીધામના ચિરાગ શાહ પાસે અમારા બાકી નીકળતાં રૂપિયાની ઉઘરાણી કરી હતી પરંતુ તે બહારના બતાવવા માંડ્યા હતાં. ત્યારબાદ ૧/૮/૨૪ના રોજ અમારા મેનેજર અશ્વીનભાઇ અને ભાગીદાર હેતલબેનના પતિ અંકિતભાઇએમ બંને નાગપુર ભાઉરાવ ગાવંડે અને સ્પર્શ ગાવંડેને મળવા રૂબરૂ ગયા હતાં. ત્યારે પણ બંને પિતા-પુત્રએ બે ત્રણ દિવસમાં પેમેન્ટ મોકલી જ દેશે તેવો વાયદો કર્યો હતો. આ પછી અમે ચિરાગ શાહ પાસે પણ ઉઘરાણી ચાલુ રાખી હતી. ચિરાગ પણ તા. ૬/૮/૨૪ના રોજ નાગપુર ગયેલ અને ૮/૮ના પરત આવી કહેલુ કે સ્પર્શ ગાવંડે ત્યાં હાજર નથી. ત્યાર પછી ચિરાગે સ્પર્શના પિતાજી ભાઉરાવ ગાવંડેની કંપની ન્યુ પેટ્રોકેમિકલ્સની પેઢીના ત્રણ કોરા ચેક સહીવાળા સિક્યુરીટી પેટે મને આપ્યા હતાં. પરંતુ અમારા મેનેજરે ચેક બેંકમાં નાખવા બાબતે ભાઉરાવ ગાવંડે સાથે વાત કરતાં તેણે ચેક નાખવાની ના પાડી હતી અને ચેક બીજી પેઢીના નામે હોઇ અમે તે પેઢીના સંચાલકને ઓળખતા ન હોઇ ચેક બેંકમાં નાંખ્યા નહોતાં.

હીરેનભાઇએ અંતમાં જણાવ્યું હતું કે અમારા બાકી નીકળતાં નાણા રૂા. ૨૨,૦૪,૪૭૦ આજ સુધી ભાઉરાવ ગાવંડે, સ્પર્શ ગાવંડે અને ચિરાગ શાહે પાછા આપ્યા ન હોઇ અંતે ફરિયાદ દાખલ કરાવવી પડી હતી. કુવાડવા પોલીસ સ્ટેશના ઇન્સપેક્ટર બી. પી. રજયા તથા એએસઆઇ એન. આર. વાણીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસનો દોર ગાંધીધામ, નાગપુર તરફ લંબાવવા આગળની કાર્યવાહી શરૂ કરી છે. ઠગાઇના રોજીંદા બનાવો વચ્ચે આ વધુ એક કિસ્સાએ ચર્ચા જગાવી છે.

એક તરફ 'અસલી'નો ખોફ ઓછો થઇ રહ્યો છે, બીજી તરફ 'નકલી'એ લીધો છે ઉપાડો

# ડુપ્લીકેટ પોલીસ ઝબ્બે: યુવાનને બ્લેકમેઈલ કરી નાણા પડાવ્યા

## એકાઉન્ટન્ટ યુવાન બસ પોર્ટ પાછળ હોટેલમાં છોકરી સાથે ગયો: બહાર નીકળ્યો ત્યારે તેની કારનો પીછો કરી નકલી પોલીસે હોટેલમાં ખરાબ કર્યુ છે, તેનો કેસ થશે કહી બ્લેકમેઈલ કરી રૂપિયા પડાવી લીધા હતાં

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૦૬**

શહેરમાં એક તરફ અસલીપોલીસની ધાક રહી ન હોય તેમ ગુનેગારો ઉપાડે આવ્યા છે અને સરાજાહેર ગમે તેના પર હુમલા હત્યાના પ્રયાસ અને હત્યાની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે તો બીજી તરફ નકલી-ડુપ્લા પોલીસોએ પણ પોત પ્રકાશ્યું છે. થોડા દિવસો પહેલા થોરાળા વિસ્તારમાં ડીસીબીના નામે ચેકીંગ કરવા ગયેલા નકલી પોલીસને લોકોએ બરાબરનો ઢીબીને અસલી પોલીસને સોંપ્યો હતો. ત્યાં હવે વધુ એક નકલી પોલીસને એ-ડિવીઝન પોલીસે દબોચ્યો છે. આ શખ્સે ત્રણ મહિના પહેલા એસટી બસપોર્ટ પાછળ એક હોટેલમાંથી છોકરી સાથે શરીર સુખ માણીને બહાર નીકળેલા એકાઉન્ટન્ટ યુવાનની કારનો ટુવ્હીલરથી પીછો કરી સોરઠીયા વાડી સર્કલથી આગળ જઇ તેને આંતરી પોલીસના નામે ડરાવે હોટેલમાં જે કર્યુ તેનો કેસ કરવાનો ભય બતાવી રોકડ પડાવી હતી. આ શખ્સ દબોચાઇ જતાં વિશેષ કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો એ-ડિવીઝન પોલીસે આ બારામાં ભોગ બનેલા મવડી ચોકડી નજીક રહેતાં અને લીમડા ચોકમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરી ગુજરાન ચલાવતાં બાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી દુધની ડેરી પાસે ઝમઝમ પાનવાળી શેરીમાં બાપુના મકાનમાં રહેતાં પચ્ચીસ વર્ષના અલ્તાફ દિલાવરભાઇ ખેરડીયા વિરૂધ્ધ નકલી પોલીસ બની યુવાનની કારને આંતરી તમે બસ સ્ટેશન પાછળ હોટેલમાં સ્ત્રી સાથે ખરાબ કામ કર્યુ છે... કહી ડરાવી ધમકાવી ચાલીસ હજાર રૂપીયા પડાવી લેવા અંગે એફઆઇઆર દાખલ કરી તેને પકડી લઇ વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસના નામે ડરાવી જેની પાસેથી રોકડા પડાવાયા હતાં તે યુવાને વધુમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને એકાઉન્ટન્ટ તરીકે કામ કરુ છું. મારી પાસે સ્વીફ્ટ કાર જીજે૦૬એફકે-૪૭૪૧ છે. આ કાર લઇને હું તા. ૨૦/૭/૨૪ના રોજ બસ સ્ટેશન પાછળ ગયો હતો અને ત્યાં ચાની દુકાને ચા પીવા ઉભો હતો ત્યારે એક બહેન ઉભચી હોઇ તે મારી સામે જોઇ ઇશારા કરતી હોઇ મેં તેની પાસે જઇ વાતચીત કરી હતી. મને શરીર સુખ માણવાની ઇચ્છા થતાં મેં તેને શું ભાવ છે? તેમ પુછતાં તેણે હોટલ સહિત પંદરસો રૂપિયા થશે તેમ કહેતાં હું તેની સાથે રાતે મૂન હોટલમાં ગયો હતો.

ત્યારબાદ હોટેલમાં એ છોકરી સાથે હું શરીર સુખ માણીને રાતે દસેક વાગ્યે હું મારી કાર લઇને ભૂતખાના ચોક થઇ નાગરિક બેંક ચોક




**એ-ડિવીઝન પોલીસે અરજીને આધારે કેમેરા ચેક કર્યા, સતત વોચ રાખીઃ ફરીથી આરોપી બસ પોર્ટ પાછળ આવતાં જ ઝડપાયોઃ અલ્તાફ નામના આ શખ્સની અગાઉ મારામારીના ગુનાઓમાં સંડોવણી**

થઇ સોરઠીયાવાડી સર્કલ થઇ એંસી ફુટ રોડ પર હુન્ડાઇના શો રૂમ પાસે પહોંચ્યો હતો. આ વખતે રાતે સવા દસેક વાગ્યે એક એક્સેસનો ચાલક મારી કાર પાસે આવ્યો હતો અને મારી કાર આડે તેનુ વાહન નાખતા મેં મારી ઉભી રાખી કાચ ઉતારતાં એક્સેસવાળાએ કહેલુ કે-હું પોલીસવાળો છું, અને ડી. સ્ટાફમાં નોકરી કરુ છું. હું તારો બસ સ્ટેન્ડથી પીછો કરી રહ્યો છું, તારી ગાડીનું લાયસન્સ મને બતાવ તેમ કહેતાં મેં મારુ ડ્રાઇવીંગ લાયસન્સ બતાવ્યું હતું.

ત્યારબાદ પોલીસ તરીકે ઓળખ આપનારા એ શખ્સે મને કહેલુ કે તે બસ સ્ટેશન પાછળની હોટેલમાં છોકરી સાથે ખરાબ કામ કર્યુ છે જેથી તારે પોલીસ સ્ટેશને આવવુ પડશે. તેમ કહી પોતાને પોલીસવાળા તરીકે ઓળખાવનાર શખ્સ મારી સાથે કારમાં બેસી ગયો હતો. મને કાર ભક્તિનગર સર્કલની સામે લઇ લેવાનું કહેતાં મેં તેમ કર્યુ હતું. ત્યારબાદ એ શખ્સે હવે પોલીસ ચોકીએ જવું છે કે અહિ વહિવટ પતાવવો છે? તેમ પુછી મારી પાસે ૧,૫૦,૦૦૦ રૂપિયા માંગ્યા હતાં. પરંતુ મેં આટલા રૂપિયા મારાથી નહિ થાય તેમ કહેતાં મને ધમકાવવા લાગેલો કે તે હોટેલમાં જે કર્યુ છે તેનો તારી ઉપર કેસ થશે. તેમ કહી ધમકાવી છેલ્લે ચાલીસ હજાર આપી દેવાનું તેણે કહ્યું હતું.

આ પછી મં એટીએમમાંથી વીસ હજાર ઉપાડીને અને બીજા વીસ હજાર ગૂગલ પેથી તેને આપ્યા હતાં. એ પછી તે આ રકમ લઇ નીકળી ગયો હતો. બદનામી ન થાય જેથી મેં ફરિયાદ કરી નહોતી. પણ જે તે વખતે અરજી કરી દીધી હતી. દરમિયાન પોલીસે આ અરજીને આધારે તપાસ આરંભી પોલીસના નામેઓળખ આપી મારી પાસેથી રૂપિયા પડાવી જનારાને પકડી લીધાનું મને જણાવતાં મેં હવે ફરિયાદ નોંધાવી હતી. આ શખ્સનું નામ અલ્તાફ દિલાવરભાઇ ખેરડીયા હોવાનું મને જાણવા શ્ર્ળ્યું હતું. તેમ વધમાં ભોગ બનનાર યુવાને જણાવતાં એ-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેકટર આર. જી. બારોટની રાહબરીમાં એએસઆઇ કાજલબેન કે. માઢકે ગુનો દાખલ કરતાં આગળની તપાસ પીએસઆઇ એમ. ડી. ડાંગીએ શરૂ કરી છે. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ નકલી પોલીસ બની રૂપિયા પડાવનારો અલ્તાફ ખેરડીયા અગાઉ પણ મારામારી ના ચાર ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. જે તે વખતે તેના પિતા બિમાર હોઇ પૈસાની જરૂર હોવાથી આ ગુનો આચર્યાનું આ શખ્સે રટણ કર્યુ હતું.

એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેકટર આર. જી. બારોટે કહ્યું હતું કે આ શખ્સ વિરૂધ્ધ મારામારીના ચાર ગુના છે. અમને અરજી મળી હોઇ અમે સીસીટીવી ચેક કરતાં આરોપીનો ચહેરો મહોરો અમારી ટીમ પાસે આવી ગયો હતો. એ પછી અને વોચ ચાલુ રાખી હતી. દરમિયાન આ શખ્સ ફરીવાર બસ પોર્ટ પાછળ આવતાં જ અમારી ટીમ ઓળખી ગઇ હતી અને તેને પકડી લીધો હતો. તેણે વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તે જાણવા રિમાન્ડ મેળવવાની કાર્યવાહી કરવામાં આવશે.

# રાજકોટ બાર એસોમાં સમરસ પેનલના પરેશ મારુંએ પ્રમુખ પદે ભર્યું ફોર્મ

## ઉપપ્રમુખ પદે સુમિત વોરા તથા નીરવ પંડ્યાએ નોંધાવી ઉમેદવારી

રાજકોટ, તા. ૬

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી માટે ગઈકાલે પ્રમુખ પદે પરેશ મારું હે પુરી પેનલમાં ઉમેદવારોને સાથે ફોર્મ ભર્યું હતું અને તેમની પેનલ ની જાહેરાત કરી હતી. મળતી માહિતી મુજબ સમરસ પેનલને તમામ એસોસિએશનનો પ્રચંડ ટેકો હોવાનું પણ વકીલોએ જણાવ્યું હતું. સમરસ પેનલમાંથી પ્રમુખ પદે એડવોકેટ પરેશ મારું, ઉપપ્રમુખ પદે સુમિત વોરા, સેક્રેટરી પડે કેતન દવે, જોઈન સેક્રેટરી ગીરીરાજસિંહ જાડેજા, ખજાનચી તરીકે પંકજ દોંગા, લાઇબ્રેરી સેક્રેટરી પડે કેતન મંડ, તથા કારોબારી સભ્ય પદે સંજય ડાંગર, પરેશ પાદરીયા, પ્રગતિબેન માકડીયા, રવિ વાઘેલા, તુષાર દવે, મનીષ સોનપાલ, નિકુંજ શુક્લ, કિશન બાલધા અને અશ્વિન રામાણી એ ફોર્મ ભર્યું હતું.

બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન દિલીપ પટેલ એડવોકેટ તુલસીદાસ ગોંડલીયા સહિત અન્ય ધારાશાસ્ત્રીઓએ સમરસ પેનલને ટેકો જાહેર કર્યો હતો. મહિલા એડવોકેટ ની જો વાત કરવામાં આવે તો આગેવાન રક્ષાબેન ઉપાધ્યાય તેમજ જયંત ગાંગાણી, જગદીશ ચોટલીયા, ધીમંત જોશી, હેમાંગ જાની, જયેશ ટાંક, નરેન્દ્ર સિંહ જાડેજા, સ્મિતાબેન, વિજય જાની, ધર્મેશ સખીયા, તુષાર સખીયા, પ્રકાશસિંહ ગોહિલ, આરડી ગોહિલ, હિતુભા જાડેજા હાજર રહ્યા હતા અને સમરસ પેનલને ટેકો જાહેર કર્યો હતો. મળતી માહિતી મુજબ ચૂંટણી અધિકારી કેતન શાહ, જતીન ઠક્કર અને જયેશ ભાઈ સહિતના લોકોએ ફોર્મ ભરી આપ્યા હતા અને ત્યારે હવે ૧૨ એસોની ચૂંટણીમાં ત્રિકોણીયો જંગ જામશે તેવું પણ માનવામાં આવી રહ્યું છે.

પ્રમુખ પદ માટે હરીસિંહ વાઘેલા ,દિલીપકુમાર જોશી, બકુલ રાજાણી, પરેશ મારુ અતુલ જોશી અને કૌશિક પંડ્યા, જ્યારે ઉપપ્રમુખ પદે મેહુલ કુમાર પંડ્યા નીરવ પંડ્યા તથા સુમિત વોરા, વાત કરવામાં આવે તો સેક્રેટરી પદે સંદીપ વેકરીયા, વિનેશ છાયા ,કેતન દવે , પરેશભાઈએ ઉમેદવારી નોંધાવી છે જ્યારે જોઈન સેક્રેટરી પડે જીતેન્દ્ર પારેખ અને ગીરીરાજસિંહ જાડેજા છે, ટ્રેઝરર તરીકે કૈલાશ જાની ,રાજેશ ચાવડા અને પંકજ દોંગા છે. તો લાઇબ્રેરી સેક્રેટરી તરીકે રવિ ધ્રુવ અને કેતન મંડે ઉમેદવારી નોંધાવી છે. કારોબારી સભ્ય તેમાં પણ જ્યારે મહિલા અનામતની વાત કરવામાં આવે તો અરુણાબેન પંડ્યા રૂપલબેન હર્ષાબેન પંડચા અને રક્ષાબેન ઉપાધ્યાય છે.

જ્યારે કારોબારી સભ્ય તરીકે રમેશચંદ્ર આજરોજા,ધર્મેન્દ્ર જરીયા, હુસેન હેરંજા,અનિલભાઈ ડાકા , સંજય કવાડ, નીલ શુક્લા, ભાવિક આંબલીયા, કિશન રાજાણી, હિરેન ડોબરીયા ,મહેશકુમાર, અનિલ પરસાણા, ધારેશ જોશી, હરસુખલાલ સોનપરા, ભાવનાબેન વાઘેલા, વિરેન્દ્રસિંહ ઝાલા ,નિકુંજ શુક્લા, પરેશ પાદરીયા, અશ્વિન રામાણી, પ્રગતિ માકડીયા, તુષાર દવે, વાઘેલા રવિ,સંજય ડાંગર એકતા જોશી, પૂનમબેન તથા દીપેશ પાટડીયા દ્વારા નોંધણી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટી સંચાલિત

# મનુભાઈ વોરા ઓપન ઍર થિયેટરનું ૧૨મીએ કરાશે લોકાર્પણ




**સ્વામી પરમાત્માનંદજીના હસ્તે ખુલ્લું મુકાશે : સમગ્ર**

રાજકોટ મિરર, તા. ૬

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં સિઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલા મનુભાઈ વોરા ઓપન ઍર થિયેટરનું તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના ગુરુવારના રોજ સાંજે સાડા છ વાગ્યે ઉદ્દઘાટન કરવામાં આવશે.પોતાનો ખૂબજ અમૂલ્ય સમય ફાળવીને ખાસ ઉપસ્થિત રહેનાર આ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદ્દઘાટક આર્ષ વિદ્યા મંદિર, મુંજકા આશ્રમના સ્વામીશ્રી ડો. પરમાત્માનંદ સરસ્વતીજીના વરદ હસ્તે મનુભાઈ વોરા ઓપન ઍર થિયેટર ખુલ્લું મુકવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડો. દર્શિતાબહેન શાહ,ધારાસભ્યશ્રી રાજકોટ, મનીષભાઈ રાડિયા, દંડક સાશક પક્ષ રાજકોટ મહાનગર પાલિકા, ડો. કલ્પકભાઈ ત્રિવેદી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ તેમજ કરુણા ફાઉન્ડેશનના પ્રમુખ મિત્તલભાઈ ખેતાણી ઉપસ્થિત રહેશે.

શ્રી મનુભાઈ વોરા ઓપન ઍર થિયેટર સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માતબર રકમથી નિર્માણ પામ્યું છે. આ થિયેટરનું સંચાલન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટી કરશે. સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન માટે આ ઓપન ઍર થિયેટર ઉત્તમ સ્થળ બની રહેશે.

આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી , મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબહેન વોરા , વાઇસ ચેરમેન કૌશિક મહેતા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા અને ઉપપ્રમુખ ઉદ્યોગપતિ સજી મેથ્યુ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ પત્રકાર કૌશિકભાઈ મહેતા કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, ડો.અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, જિતેશકુમાર એમ. પંડિત, કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો.દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## પ્રકાશ સોલંકીનો આજે જન્મદિવસ



રાજકોટ મિરર, તા.૬

રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા વિભાગના સહ-કન્વીનર પ્રકાશ સોલંકીનો આજે તા-૭ના રોજ જન્મદિવસ છે મૂળ રાજકોટ વતની પ્રકાશ સોલંકીએ ગાંધીનગર અને રાજકોટ શહેરના અખબારોમા તંત્રી તેમજ બ્યુરો ચીફ તરીકે ફરજ બજાવી રહ્યા છે. ભારતીય વન પર્યાવરણ અને પ્રકૃતિ સંરક્ષણ સંસ્થાનના ગુજરાત રાજ્યમાં ડાયરેક્ટર, શહીદ પોલીસકર્મી સ્મૃતિન્યાસના ગુજરાત રાજ્યના-ટ્રસ્ટી/ડાયરેક્ટર તેમજ ભારતીય પત્રકાર સંઘના રાજકોટ શહેરના ઉપપ્રમુખ તરીકે જવાબદારીઓ સંભાળી રહ્યા છે. ત્યારે સામાજિક ક્ષેત્રમાંમાં ફાઉન્ડેશન ટ્રસ્ટના-ટ્રસ્ટી તેમજ રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષાના સભ્ય તરીકે તથા રાજકોટની વિવિધ ધાર્મિક સંસ્થા અને એનજીઓમાતેઓ અવિરત સેવા આપી રહ્યા છે. તેમના પર જન્મદિવસ નિમિતે તેમના પરિવાર અને રાજકોટ જિલ્લા ભાજપ સહિતના મિત્રોની શુભેચ્છા વરસી રહી છે મો. નંબર : ૯૦૩૩૩ ૮૧૯૦૯.

# અગ્નિકાંડ : ડે. ચીફ ફાયર ઓફિસર ઠેબાની જામીન અરજી નામંજૂર કરતી કોર્ટ

## મૃતક માતાની વિધિમાં જોડાવા અગાઉ કોર્ટે બી.જે. ઠેબાને જેલમાંથી ૨ દિવસની આપી'તી રજા

રાજકોટ મિરર, તા.૬

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી બી.જે.ઠેબા( મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર)એ આજે કરેલી રેગુલર જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી.

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના બનાવમાં ૨૭થી વધુ લોકોના ભોગ લેવાના બનાવમાં પકડાયેલા ૧૫ આરોપી પૈકીના મનપાના બી. જે. ઠેબાએ જેલ મુક્ત થવા આજે કરેલી રેગ્યુલર જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી.



પ્રાપ્ત વિગતો મુજબ શહેરના કાલાવડ રોડ નજીક નાના મવા વિસ્તારમાં મોકાજી સર્કલ પાસે આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ગત તારીખ ૨૮/૫/૨૦૨૪ના રોજ આગ ફાટી નીકળતા નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવ માટે ફાયર બ્રિગેડ સહિતના વિવિધ તંત્રોની ગુનાહિત બેદરકારી બેજવાબદારી બહાર આવતા અધિકારીઓ સહિત કુલ ૧૫ આરોપીઓ સામે ગુનો નોંધીને ધરપકડ કરવામાં આવી હતી. જેમાં મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડના અધિકારીઓએ ભ્રષ્ટાચાર આચરી અપ્રમાણસરની પુષ્કળ મિલકતો ભેગી કરી હોવાનું ખુલતા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખુ જીવાભાઈ ઠેબા સામે એસીબી તંત્રએ પણ ભ્રષ્ટાચારનો ગુનો નોંધ્યો હતો.

અગ્નિકાંડ કેસમાં ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખુ જીવાભાઈ ઠેબાને અગાઉ કોર્ટે બી.જે. ઠેબાને તેની મૃતક માતાની વિધિમાં જવા રથદીની પરવાનગી આપી હતી. બાદમાં હાલ જેલ હવાલે રહેલા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખુ જીવાભાઈ ઠેબાએ જેલ મુક્ત થવા સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જે જમીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સ્પેશિયલ પીપી, એડિશનલ પીપી, અને હતભાગી પરિવાર વતી રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઊંચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખુ જીવાભાઈ ઠેબાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર પક્ષે સ્પે. પી.પી. તુષાર ગોકાણી, એડિશનલ પી.પી. નીતેષ કથીરીયા તેમજ હતભાગી પરિવારો વતી રાજકોટ બાર એસો.ના ઉપ પ્રમુખ સુરેશ ફળદુ અને ડિસ્ટ્રીકટ બાર એસો.ના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા હતા.

# કાલે જીલ્લામાં ૧,૮૮, ૫૫૭ બાળકોને અપાશે પોલિયો વિરોધી રસી

## ૯૨૬ રસીકરણ બુથ, ૧૭૪૧ રસીકરણ ટીમો, ૨૩૦ મોબાઇલ ટીમ સાથે આરોગ્ય તંત્ર સજ્જ : એક વાર રસી લીધી હોવા છતાં પાંચ વર્ષથી નીચેના બાળકોને રસી અપાવવી જરૂરી

રાજકોટ મિરર, તા.૬

વિશ્વમાં આજે પણ અનેક રોગો લોકજીવનને મોટાપાયે ગ્રસિત કરી બેઠાં છે. વાયરસ, બેક્ટેરિયાથી ફેલાતા અનેક રોગ માનવજાતને સતત તેના અસ્તિત્વના પુરાવા સાથે માનવને નવા સંશોધન સાથે જીવનમાં આગળ વધતા શીખવે છે. સામાન્ય રીતે બાળકના જન્મ સાથે જ અનેક રોગોથી તેને બચાવવા માટે રસીકરણ દ્વારા તેને આપણે સુરક્ષિત કરીએ છીએ. આમ છતાં હજુ ઘણા નવા જન્મેલા બાળકોને સુરક્ષા આપવામાં માતા-પિતા સક્ષમ નથી, ત્યારે આ રોગોથી તેમને સુરક્ષિત રાખવાનું ઉમદા કાર્ય રાજય સરકારનો આરોગ્ય વિભાગ કરી રહ્યો છે.

જન્મતા જ બી.સી.જી.ની રસી થી લઈ નૂરબીબી, ઓરી,અછબડા, મગજના તાવ, ગંભીર લીલા ઝાડ અને ન્યુમોનિયાની રસી જેવા બાળકોના જીવના દુશ્મન આ તમામ રોગની રસી પણ સરકાર નિઃશુલ્ક પૂરી પાડે છે. ત્યારે આ રસીઓમાં પોલિયોની રસીની ઝુંબેશને કેમ ભૂલી શકાય?

કાલે ૮ ડિસેમ્બરના રોજ, ''પોલિયો દિવસ'' નિમિત્તે રાજકોટ જિલ્લામાં રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે. આપને થશે કે ભારતમાં હવે તો પોલિયો નાબૂદ થઈ ગયો છે તો રસીની શું જરૂર? પોલિયો શું છે? કયા કારણોથી થાય? શુ પુખ્ત વયના લોકોને થઈ શકે તે તમામ પ્રશ્નોના જવાબ મેળવીએ.



પોલિયો એ પોલિયો વાયરસથી થતો રોગ છે. મોટાભાગના લોકોમાં તેના કોઈ આગોતરા લક્ષણો જોવા મળતા નથી, પરંતુ કેટલાક લકવાગ્રસ્ત થઈ જાય છે. રસીઓ પહેલાં, હજારો લોકો આ રોગચાળો ફાટી નીકળતાં લકવાગ્રસ્ત થતાં હતા. આજે જંગલી પોલિયો વાયરસ પ્રકાર ૨ અને ૩ નાબૂદ થઈ ગયા છે, પરંતુ પ્રકાર ૧ હજુ પણ વિશ્વના કેટલાક ભાગોમાં ફેલાય છે. પોલિયોને રોકવા માટે રસીકરણ એ જ શ્રેષ્ઠ માર્ગ છે. પોલિયો રોગનો કોઈ ઈલાજ નથી. સ્વચ્છતાનો અભાવ આ વાયરસને જન્મ આપે છે. જે સંક્રમિત પાણી, ખોરાક કે વ્યક્તિના ચેપ લાગવાથી ફેલાય છે.

### રામનાથપરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા કયારે ખોરવાઈ જાય તેનું કાં નક્કી નહીં

# ખત્રીવાડમાં બંગાળી કારીગરને છરીના ઘા ઝીંકતો રીક્ષાચાલક

### લોહીલુહાણ હાલતમાં દીપાશંકરને સિવિલ બાદ ખાનગી હોસ્પીટલમાં ખસેડાયો : રીક્ષા મૂકી હુમલાખોર નાસી ગયો: રિવોલ્વર બતાવીને મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો ઈજાગ્રસ્તનો આક્ષેપ

રાજકોટ મિરર, તા.૬

ખત્રીવાડમાં રોડ પર સ્કુટી અને ઓટોરિક્ષા સામસામે આવી જતા બોલાચાલી બાદ રીક્ષા ચાલકે બંગાળી સ્કુટી ચાલક કારીગરને છરીના ઘા ઝીંકી, રિવોલ્વર બતાવી મારી નાખવાની ધમકી આપી, રીક્ષા મૂકી નાસી ગયો હતો. પોલીસે રીક્ષા કબજે કરી નંબરના આધારે હુમલાખોરની શોધખોળ આદરી છે.

મળતી વિગતો મુજબ શહેરના ખત્રીવાડ વિસ્તારમાં આજે બપોરે એકાદ વાગ્યાની આસપાસ રોડ પર સામસામે આવી ગયેલા સ્કુટી ચાલક બંગાળી કારીગર અને ઓટો રીક્ષા ચાલક વચ્ચે સામાન્ય બોલાચાલી થયા બાદ ઓટોરિક્ષા ચાલકે બંગાળી કારીગરને ખચાખચ ત્રણ ઘા જીકી દઈ રીક્ષા મૂકી નાસી છૂટતા રોડ ઉપર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બીજી બાજુ પોલીસે રિક્ષા કબજે કરીને નંબરના આધારે હુમલાખોરની શોધખોળ કરી છે.

કહેવાય છે કે શહેરમાં હવે અસામાજિક તત્વોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી. ગમે ત્યારે ગમે તેને છરી, ધોકા, પાઈપથી હુમલા કરી આતંકનો માહોલ સર્જે છે. આવી જ વાત સાબિત થઈ હોય તેમ આજે બપોરે ખત્રીવાડ વિસ્તારમાંથી નીકળેલા દીપાશંકરભાઈ ધોરાઈ(ઉ.૪૨-રહે. ખત્રીવાડ ચોક, લાલજી પટેલની શેરી, સોની બજાર, રાજકોટ) નામના બંગાળી કારીગર પોતાનું સ્કુટી લઈને રોડ ઉપર જતો હતો ત્યારે સામે



આવી ગયેલી એક ઓટો રીક્ષાના ચાલકે આગળ જવા માટે બોલાચાલી કરી હતી. દરમિયાન દીક્ષા ચાલકે દીપાશંકર ધોરાઈને છરીના બે ત્રણ ઘા ઝીંકી દેતા દીપાંકર લોહીલુહાણ હાલતમાં ત્યાં ઢળી પડ્યો હતો. બનાવની



જાણ પરથી બંગાળી વર્ગના લોકોએ તાત્કાલિક દીપાંકરને પહેલા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાંથી વધુ સારવાર માટે કરણસિંહજી મેઈન રોડ ઉપર આવેલી બાલાજી હોસ્પિટલમાં ખસેડાયો છે.

બનાવ બાબતે વધુ વિગતો આપતા રાજનભાઈ બંગાળીએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે શહેરના ખત્રીવાડ વિસ્તારમાં આવેલ રાજકુમાર રવિન્દ્ર બેરાની રાધાકૃષ્ણ જવેલર્સ નામની દુકાનમાં દીપાશંકર ધોરાઈ નામનો



બંગાળી કારીગર વર્ષોથી કામ કરે છે. આજે દીપાંકર પોતાની સ્કુટી લઈને દુકાનેથી નીકળ્યો ત્યારે ખત્રીવાડના રોડ ઉપર રોડ કામ ચાલુ હોય, રોડ ઉપર રેતીના ઢગલા પડ્યા હોય, સામે એક ઓટો રીક્ષા આવી ગઈ હતી. આવા સમયે એકબીજાને આગળ જવા માટે બોલાચાલી થઈ હતી. પરંતુ ઓટોરિક્ષા ચાલકે દાદાગીરી આચરી પોતાની પાસેની છરીના બે ત્રણ ઘા દીપાશંકર ધોરાઈને ઝીંકી દેતા તેમને લોહીલુહાણ હાલતમાં પ્રથમ સિવિલ હોસ્પિટલમાં

અને ત્યાંથી વધુ સારવાર માટે બાલાજી હોસ્પિટલમાં ખસેડાયો છે. દીપાશંકર ધોરાઈએ એવું પણ જણાવ્યું હતું કે અજાણ્યા રીક્ષા ચાલકે પોતાને રિવોલ્વર જેવું હથિયાર બતાવીને મારી નાખવાની ધમકી પણ આપી હતી. પરંતુ જતા જતા મારાથી ભૂલ થઈ ગઈ સોરી કહીને છરી સાથે, રીક્ષા મૂકી નાસી ગયો હતો.

આ બનાવની વિગતો એ ડિવિઝન પોલીસ સ્ટેશને સાંજના છ વાગ્યા પછી પહોંચી હતી. એટલે પોલીસે ઈજાગ્રસ્ત દીપાંકરનું નિવેદન લેવાની અને હકીકત બનાવ શું બન્યો હતો તે વિશેની વિગતો મેળવવાની કવાયત આદરી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે શહેરમાં હવે ગુંડાગીરીએ માઝા મૂકી છે, રોજબરોજ શહેરમાં કોઈને કોઈ વિસ્તારોમાં હુમલાના બનાવો બનતા રહે છે. પખવાડિયામાં એક બે ખૂનની ઘટના પણ પોલીસ ચોપડે ચડી જાય છે ત્યારે જાગૃત લોકોમાં શહેરમાં પોલીસ પોતાનું વલણ કડક કરે, ગુન્હેગારોમાં કોઈ ધાક બેસાડે તેવી કામગીરી કરે અને ગૃહમંત્રીએ કયા મુજબ ગુન્હેગારોનો વરઘોડો કાઢવાની કાર્યવાહી વધુ વેગીલી બનાવાય તે જરૂરી છે.

# બુટલેગર ઈરફાન કાદરીને પાસા તળે ધકેલાયો જેલમાં

### પાસાની દરખાસ્ત પોલીસ કમિશનર દ્વારા મંજુર કરાયા બાદ માલવિયાનગર પોલીસે દબોચ્યો

રાજકોટ મિરર, તા.૬

દારૂ સહિતના અનેક ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ઈરફાન અલીમીયા કાદરી(રહે. કાલાવડ રોડ, વૃંદાવન સોસાયટી પાસે, સમૃદ્ધિ આવાસ યોજના, ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર બ્લોક નંબર ૪ ,ક્વાર્ટર નંબર ૧૦૨૧ ને માલવિયાનગર પોલીસે ઝડપી લઇને પાસા તળે ભુજની જેલમાં મોકલી દીધો છે.

મળતી વિગતો મુજબ શહેરના ઈરફાન અલીમીયા કાદરી સામે ભૂતકાળમાં અનેક ગુન્હા નોંધાયા છે. દરમિયાન આવા નાના-મોટા ગંભીર ગુનાના આરોપીઓને પકડી પાડીને પાસાની દરખાસ્ત તૈયાર કરવા આદેશો થયા બાદ માલવિયા નગર પોલીસ સ્ટેશનના પી.આઈ



જે.આર. દેસાઈ દ્વારા ઈરફાન કાદરી સામે પાસાની દરખાસ્ત તૈયાર કરીને મંજૂરી માટે પોલીસ કમિશનર સમક્ષ મોકલાઈ હતી. જે દરખાસ્તને પોલીસ કમિશનરે મંજૂર કરી દેતા પાસાનું વોરંટ ઈસ્યુ થતા પોલીસે પાસાના વોરંટની બજવણી કરી ઈરફાનને ઝડપી લઈને ભુજને જેલમાં મોકલી દીધો છે.

ઈરફાનને દબોચવામાં માલવિયાનગર પોલીસ સ્ટેશનના પીઆઇ દેસાઈ, પી.એસ.આઇ. ડી.એસ, ગજેરા, એ.એસ.આઇ દીપકભાઈ રાઠોડ, હિરેનભાઈ પરમાર, હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ ખીહડીયા, અજયભાઈ વીકમાં, હિતેશભાઈ અગ્રાવત, કોન્સ્ટેબલ મનીષભાઈ સોઢીયા, દિગ્વિજયભાઈ લાંગા, પીસીબી પોલીસના પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, પી.બી. ત્રાજિયા, એએસઆઇ રાજુભાઈ દહેક્વાલ, હેડ કોન્સ્ટેબલ ઇન્દ્રજીતસિંહ સિસોદિયા વગેરે રોકાયા હતા.

# કુવાડવા ગામે રૂ.૧.૧૦ લાખની ઘરફોડ ચોરી

### તસ્કરો ૪૦ હજાર રોકડ સહીત દાગીના ચોરી ગયા

રાજકોટ મિરર, તા.૬

દોઢ વર્ષ પહેલાં પુત્રનું અવસાન થતાં પરિવાર તે ઘરે માત્ર મોબાઈલ ચાર્જ કરવા જતા હતા : દાગીના-રોકડ ઉઠાવી ગયા

કુવાડવા ગામે હુડકો ક્વાર્ટર પાસે નદીના કાંઠે રહેતા પરિવારના બંધ મકાનમાંથી તસ્કરો રૂા. ૧.૧૦ લાખની ચોરી કરી ગયા હતાં. રાજુભાઈ દામજીભાઈ સાડમીયાએ ફરિયાદમાં જણાવ્યા મુજબ દોઢ વર્ષ પહેલા પુત્રનું અવસાન થતાં તેઓ અમદાવાદ હાઈ-વે પર ઝુપડામાં રહે છે અને માત્ર મોબાઈલ ચાર્જીગ કરવા ઘરે જાય છે. ગત તા. ૨૯ના સવારે મોબાઈલ ચાર્જીગ કરવા જતા તાળાતુટેલા હોય તસ્કરો રૂા. ૪૦ હજારની રોકડ અને સોનાના દાગીના મળી રૂા. ૧.૧૦ લાખની ચોરી કરી ગયા હતાં.

## બેડી યાર્ડમાં મગફળીની ૧ લાખ ગુણી ઠલવાઈ

રાજકોટ મિરર, તા.૬ : રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે વાહનોની આવક વહેલી સવારથી ચાલુ થઇ ગઇ હતી. જેમાં મગફળીના ભરેલા વાહનોની ૮ કિલો મીટર સુધીની લાઈનો જોવા મળી હતી. અંદાજે ૮૫૦ થી વધુ વાહનોને માર્કેટ યાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી મગફળીની ઉતરાઈ કરાવવામાં આવી હતી. જેમાં મગફળીની અંદાજે આવક ૯૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ ગુણીની આવક થઇ હતી. યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, ડીરેક્ટરો તેમજ સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી.

યાર્ડમાં કપાસ અને મગફળીની આવક ફરી શરૂ થઇ છે. યાર્ડમાં કપાસ અને મગફળીના ખેડૂતોને સારા ભાવ મળ્યાં હતા. યાર્ડમાં કપાસ, મગફળી, બટાકા, સુકી ડુંગળી, લસણ, મગ અને શાકભાજી સહિતના પાકોની આવક થઈ રહી છે. માર્કેટ યાર્ડમાં જીણી અને જાડી મગફળીની આવક વધુ થઈ રહી છે.

# ખાસ કાયદાની સમજ માટે યોજાયેલા સેમિનારમાં ૧૨૦ આયુષ તબીબો જોડાયા

### તબીબી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ અપાઈ

રાજકોટ મિરર, તા.૬

રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લામાં વિવિધ પ્રકારની તબીબી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન કરવા માટે ધી ગુજરાત કિલનિકલ એસ્ટાબ્લીસ્ટમેન્ટસ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એકટ, ૨૦૨૧ની જોગવાઈઓ બહાર પાડવામાં આવેલ છે. જેમાં જિલ્લામાં તબીબી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આયુષ તબીબો માટે ધી ગુજરાત કિલનિકલ એસ્ટાબ્લીસ્ટમેન્ટસ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૨૦૨૧ અન્વયે સેમીનાર યોજાયો હતો, જેમાં આશરે ૧૨૦ કરતા વધારે આયુષ તબીબો જોડાયા હતા.

આ સેમીનારમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પી.કે. સિંઘે ધી ગુજરાત કિલનિકલ એસ્ટાબ્લીસ્ટમેન્ટસ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એકટ, ૨૦૨૧ વિશે વિસ્તૃત સમજણ આપી તમામ ક્લિનિકની નોંધણી કરાવવા અંગે જરૂરી માહિતી આપતા જણાવ્યું હતું કે,જિલ્લામાં તબીબ સંસ્થાઓનું ઓનલાઇન રજીસ્ટ્રેશન થઇ શકે તે માટે પોર્ટલ કાર્યાન્વિત છે. આ પોર્ટલમાં તમામ ચિકિત્સા સંસ્થાઓ સહિતની તમામ સંસ્થાઓનું રજીસ્ટ્રેશન ઓનલાઇન કરવા અંગે સંપુર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તેમણે આયુષ્માન ભારત ડિઝીટલ હેલ્થ કાર્ડ (આભા કાર્ડ)ની વિસ્તૃત સમજણ આપી આ વિશે વધુ માહિતી માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ તેમજ આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત રાજકોટનો સંપર્ક કરવા ઉપસ્થિતોને અપીલ કરી હતી.

આ સેમીનારમાં વિભાગીય નાયબ નિયામક ડો.ચેતન મહેતા, જિલ્લા આયુર્વેદિક અધિકારી ડો.ભાનુભાઈ મહેતા તથા રાજકોટ શહેરના અને ગ્રામ્ય વિસ્તારના આયુષ તબીબો તથા આઈ.એમ.એ.ના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.

## રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમો યોજાયા

રાજકોટ મિરર, તા.૬ : રાજકોટ જિલ્લાના ધોરાજી, ગોંડલ, જેતપુર,વિંછીયા તાલુકાના ખેડૂતોને શિયાળાની ઋતુમાં થતાં રવિ પાકો વિશે તાંત્રિક માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓની સમજ અને માહિતી મળી રહે તે હેતુથી ધોરાજી તાલુકામાં તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ શ્રી ભગવતસિંહજી હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે, જેતપુર તાલુકામાં તાલુકા પંચાયત, જેતપુર, વિંછીયા તાલુકામાં તાલુકા પંચાયત, વિંછીયા તથા ગોંડલ તાલુકામાં લેઉવા પટેલ સમાજ, શિવરાજગઢ ખાતે રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમો યોજાયા હતા.

### હૃદય બંધ પડી જતાં જિંદગીની સફરના ઓચીંતા અંત આવવાની ઘટનાઓનો સિલસિલો યથાવત

# દિલની દગાખોરીથી ચારના જીવ ગયા: વૃધ્ધાનું દાઝવાથી મોત

### સિવિલ હોસ્પિટલમાં તમામે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા: પરિવારજનો-સ્નેહીજનો આઘાતમાં ગરક થઇ ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૫**

ઓચીંતા મૃત્યુની ઘટનાઓ રોજબરોજ નોંધાતી રહે છે. શહેરની સિવિલ અને ખાનગી હોસ્પિટલમોમાં અલગ અલગ કારણોસર અપમૃત્યુની ઘટના રોજ નોંધાતી રહે છે. તેમાં પણ હૃદય રોગના હુમલાથી મૃત્યુની ઘટના રોજીંદી થઇ ગઇ છે. એક અઠ્ઠાવીસ વર્ષના યુવાન સહિત વધુ ચાર લોકોના દિલની દગાખોરીને કારણે શ્વાસ થંભી ગયા હતા. જ્યારે એક વૃધ્ધાનું દાઝી જવાને કારણે મૃત્યુ થયું હતું. આ પાંચમાંથી ચાર લોકોએ પીડીયુ સિવિલ હોસ્પિટલમાં અને એક વૃધ્ધે ખાનગી હોસ્પિટલમાં એક પછી એક દમ તોડી દેતાં તેમના સગા સ્નેહીઓ, કુટુંબીઓ મિત્રો ઉંડા આઘાતમાં ગરકાવ થઇ ગયા હતાં. અણધાર્યા મૃત્યુ સ્વજનોને કારમો આઘાત આપી ગયા હતાં.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ પર વાવડી કરણ પાર્ક-૧માં રહેતો હરિકાંત રામચરણ વર્મા સવારે સાડા દસેક વાગ્યે મેટોડા ભુમિ એગ્રોમાં કામ કરતો હતો ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં





ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તે ત્રણ ભાઇમાં વચેટ હતો અને છુટક મજૂરી કરતો હતો. મુળ યુપીના આ યુવાનના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતાં. આ યુવાન માત્ર અઠ્ઠાવીસ વર્ષનો હતો. તેનું હૃદય રોગના હુમલાથી મોત થયાનું જાહેર કરવામાં આવ્યું હતું. જ્યારે બીજા બનાવમાં ગાંધીગ્રામ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ રાજલક્ષ્મી ડુપલેક્ષમાં રહેતાં પરેશભાઇ જસવંતરાય પંડ્યા સવારે ઘરે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ એકાવન વર્ષના હતાં. મૃત્યુ પામનાર પરેશભાઇ કર્મકાંડ કરી તેમજ અન્ય વેપારી કરી ગુજરાન ચલાવતાં હતાં. તે ત્રણ ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક પુત્રી છે.

જ્યારે હાર્ટએટેકથી ત્રીજી ઘટનામાં બનાવમાં કોટડા સાંગાણી તાબેના પીપલાણા ગામે વિનાયક મેન્યુફેકચર કંપની સરસ્વતિ ઇન્ડસ્ટ્રીયલ એરિયામં રહેતા મુળ યુપીના જગન્નાથ બુધઇ ઘરે ઢળી પડતાં રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું. તે બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. તેઓ સુડતાલીસ વર્ષની વય ધરાવતાં હતાં.

જ્યારે ચોથા બનાવમાં નાના મવા રોડ પર શ્યામનગર- ૧માં રહેતા દેવજીભાઇ કરશનભાઇ પરમાર ગઇકાલે કણકોટ નજીક પંચરત્ન પાર્ક પાસે પચ્ચીસ વારીયા કવાર્ટરમાં રહેતી દિકરીના ઘરે તેને મળવા માટે ગયા હતા ત્યારે તેને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતા તાકીદે સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. બનાવની જાણ થતા તાલુકા પોલીસ મથકના એ.એસ.આઇ. જી.કે. પરમાર તથા રાઇટર ભોજાભઇએ કાર્યવાહી કરી હતી. પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. આ વૃધ્ધ ચોસઠ વર્ષના હતાં.

જ્યારે અન્ય બનાવમાં અંબિકા ટાઉનશીપ સત્યજીત સોસાયટીમાં રહેતાં ત્ર્યાંસી વર્ષના વજીબેન ગોવિંદભાઇ મારડીયા નામના વૃધ્ધાનું દાઝી જતાં મૃત્યુ થયું હતું. વજીબેન ઘરમાં રાતે સાડા નવેક વાગ્યે દિવા કરતાં હતાં ત્યારે તેમણે પહેરેલા ચણીયા પર સળગતી વાટ આવી જતાં તેઓ ઘરે એકલા જ હોઇ શરીરના અમુક ભાગો પર દાઝી ગયા હતાં. બનાવની જાણ થતાં પડોશીઓએ આગ બુઝાવી હતી અને પરિવારજનોને જાણ થતાં તેઓ ઘરે પહોંચ્યા હતાં. વજીબેનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ આજે વહેલી સવારે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેમને સંતાનમાં એક પુત્ર છે. તમામ ઘટનાઓમાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. આ ઘટનાઓ જે તે હતભાગી મૃતકના સ્વજનોને ઉંડો આઘાત આપી ગઇ હતી.





રાજ્ય સરકાર પાસે માગ્યું માર્ગદર્શન : હાલ હંગામી ધોરણે રેન બસેરાનું કામ રાખ્યું મુલતવી

# સ્માર્ટ સિટીમાં રેન બસેરા ન બને માટે મનપાને રજૂઆત

## સોસાયટીઓના ૨૦૦ થી વધુ લોકોનો ટોળું મનપા કચેરી દોડી આવ્યું : અન્ય જગ્યા પર રેન બસેરા બનાવવા કરાઈ રજૂઆત

રાજકોટ, તા. ૬

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે જેમાં દરેક વ્યક્તિને છત મળી રહે તે માટેની વ્યવસ્થા ઊભી કરાઈ છે જે માટે વિવિધ યોજનાઓની પણ અમલવારી શરૂ કરી દીધી છે. ત્યારે ઘણા ખરા કામદારો અને નિરાશ રીત લોકોને રહેવાનું ઠેકાણું હોતું નથી તે માટે ખાસ રેન બસેરા ઉભા કરવામાં આવેલા છે જ્યાં લોકો રહી શકે છે ત્યારે મહાનગરપાલિકાએ સ્માર્ટ સિટી વિસ્તારમાં રેન બસેરા બનાવવા માટેનું નિર્ણય લીધો જે અંગેની વાત સ્થાનિકોને જાણ થતાં જ તેમનો વિરોધ જોવા મળ્યો હતો અને મહાનગરપાલિકાની કચેરી ખાતે તેઓ દોડી આવ્યા હતા અને રેન બસેરા ન બનાવવા માટેનો નિર્ણય લેવા જણાવ્યું હતું. મનપા કચેરીમાં માત્ર એક સોસાયટી નહીં વિવિધ સોસાયટીઓ દ્વારા રેન બશેરાનો વિરોધ કરવામાં આવ્યો હતો જેને લઈને મનપા કચેરીએ હાલા કામ મુલતવી રાખી દીધું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ હંગામી ધોરણે એક નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં હવે સ્માર્ટ સિટી એરિયા પાસેના રૈયા વિસ્તારમાં જે રેન બસેરા બનવા માટે જે નિર્ણય લેવામાં આવ્યો હતો તેનો વિરોધ તે વિસ્તારના રહેવાસીઓ દ્વારા કરવામાં આવ્યો જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ



આ અંગે રાજ્ય સરકાર પાસેથી અભિપ્રાય લેવામાં આવ્યો છે . કારણકે ગઈકાલે કચેરી શરૂ થાય તે સમયે જ વિસ્તારના ૨૦૦થી વધુ લોકોનો ટોળું મનપા કચેરી ખાતે આવી પહોંચ્યું હતું ત્યારે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને પણ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી અને વિરોધ પણ નોંધાવ્યો હતો કે તેમના વિસ્તારમાં શ્રમિક બશેરાનું કામ અટકાવવામાં આવે જે વાત ની ગંભીરતા લઈને સ્ટેન્ડિંગ ચેરમેને હાલ કામ મુલતવી રાખી દીધું છે.

રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમીનભાઇ ઠાકરે આવેદનપત્રમાં સ્માર્ટ સિટી વિસ્તારમાં આવેલા દ્વારકેશ પાર્ક અને પ્રભુ રેસીડેન્સી સહિત રયા રોડ વિસ્તારના રહેવાસીઓ કચેરી ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં કોર્પોરેશનના લેઆઉટ મુજબ આરોગ્ય કેન્દ્ર અથવા આંગણવાડી બનાવવાની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ હેતુફેર કરી દ્વારકેશ પાર્ક નજીક શ્રમિક બસેરા બનાવવા માટેનું કામ ચાલુ કરવામાં આવતા જ તે અંગે ધ્યાન રહેવાસીઓને પડ્યું અને આ બાબતે વિસ્તારના લોકોએ જણાવ્યું હતું કે જો રેન બસેરા બનશે તો તે ઘણા ખરા પ્રશ્નો ઊભા કરશે અને આ વિસ્તારમાં આ યોગ્ય નથી. વધુમાં રહેવાસીઓએ જણાવ્યું હતું કે શ્રમિક બશેરા માટે અન્ય જગ્યાએ ફાળવવામાં આવે તે ખૂબ જરૂરી છે.

# રેલનગર બસ દુર્ઘટનામાં મનપાએ શરૂ કરી તપાસ : એજન્સીને નોટિસ

## સીટી બસના ડ્રાઈવર તથા કંડકટરના મેડિકલ ચેકઅપ ફરજિયાત : એજન્સી ને નોટિસ ગણતરીના દિવસોમાં વિગતો આપવા તાકીદ

રાજકોટ, તા. ૬

રાજકોટના રેલનગર વિસ્તારમાં સિટી બસે જે જીવલેણ અકસ્માત સર્જ્યો તે ઘટનામાં મહાનગરપાલિકાના ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને પ્રાથમિક દ્રષ્ટિએ તેઓએ એજન્સીની બેદરકારી હોવાનો પણ જણાવ્યું છે ત્યારે આ એજન્સીને નોટિસ આપવાની તૈયારીઓ શરૂ કરી દેવાય છે. મહત્વનું એ છે કે એસટી તંત્રની જેમ સીટી બસના ડ્રાઈવર અને કંડકટરના મેડિકલ ચેકઅપ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઘટનામાં મહિલાનું અવસાન થયું છે તો ડ્રાઈવરને હાર્ટ એટેક આવવાથી અકસ્માત સર્જાયો હતો. ત્યારે જરૂરી એ છે કે આ પ્રકારની કામગીરીની વ્યવસ્થા લોકોને બસ ડ્રાઈવર તરીકે રાખવામાં ન આવે અને જો આવે તો યોગ્ય તેનું મેડિકલ ચેકઅપ કરાવી લેવાય.

મહાનગરપાલિકાની એજન્સી હેઠળ ૧૭૭ જેટલા ડ્રાઈવર અને કંડકટર કામ કરી રહ્યા છે પરંતુ જે દુર્ઘટના ઘટી અને હૃદય રોગનો હુમલો ડ્રાઈવરને આવ્યો તેના ઉપરથી એ ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે કે હવે ડ્રાઈવરો ના મેડિકલ ચેકઅપ કેમ થાય. મળતી માહિતી મુજબ આ માટે છે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું તેમાં ઉંમર અને નોકરી અંગે કોઈ શરત રાખવામાં આવી નથી પરંતુ ડ્રાઈવિંગ લાઈસન્સ અનિવાર્ય દર્શાવવામાં આવ્યું છે.રાજ્ય સરકારના એસટી નિગમના ડ્રાઈવર અને કંડકટર સહિતના સ્ટાફની નિયમિત હેલ્થ ચેક અપ



કરાવવામાં આવતી હોય છે ત્યારે હવે સિટી બસના ડ્રાઈવર કંડકટર માટે પણ હેલ્થ ચેકઅપ કેમ્પ શરૂ કરવામાં આવશે તેવું મહાનગરપાલિકાએ નક્કી કર્યું છે. વધુમાં એજન્સીના સંચાલકોને સુચના આપવામાં આવી છે કે તમામ નીતિ નિયમોનું અનુસરણ કરવામાં આવે જેથી ભવિષ્યમાં આ પ્રકારની કોઈ દુર્ઘટના ન ઘટે.

સીટી બસ કોન્ટ્રાક્ટર એજન્સી ને અકસ્માત મામલે નોટિસ ફટકારશે તેમ સીટી ઈજનેરે જણાવ્યું હતું એટલું જ નહીં અકસ્માતમાં મૃત્યુ પામનાર રાહદારી મહિલા ને થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ માંથી સહાય મળી રહે તે માટે પણ મહાનગરપાલિકા દ્વારા તૈયારીઓ કરાશે. હાલ સીટી બસ સેવામાં ડ્રાઈવરો ચાલુ બસે ડ્રાઈવિંગ ની સાતો સાત મોબાઈલ નો પણ ઉપયોગ કરતા હોય છે ત્યારે યોગ્ય નિયમો બનાવવામાં આવે તો જ આ અંગે નકર પરિણામ આવી શકે અને દુર્ઘટના માંથી બચી શકાય. રાજકોટ શહેરની વાત કરવામાં આવે તો ઘણા વર્ષો પહેલા ગુજરાત એસટી નિગમ દ્વારા એસટી બસ સેવાનો સંચાલન કરાતું હતું ત્યારે ક્યારેય સામાન્ય અકસ્માત સર્જાયો હોય તેવી ઘટના પણ ભાગ્યે જ બની હોય પરંતુ મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા સંચાલિત સીટી બસ સેવામાં અકસ્માતોના બનાવો સમયાંતરે બની રહ્યા છે છતાં મહાનગરપાલિકા કોઈ નક્કર પગલા લેતું નથી જે અનેક પ્રશ્નો ઊભા કરે છે ત્યારે બસ સેવા સુધારવા અને અકસ્માતોનું પ્રમાણ ઘટે તે માટે મહાનગરપાલિકાએ કોઈ નક્કર પગલું લેવું ખૂબ જરૂરી છે.

દારૂબંધીનો કડક અમલ કરાવવા, હેરાફેરીને અટકાવવા સક્રિય પીસીબીને વધુ એક સફળતા

# અડધા લાખનો દારૂ ભરેલી કાર સાથે ઝડપાયો કારખાનેદાર

## પીસીબીની ટીમે ઘંટેશ્વર નજીકથી દબોચીલીધોઃ સાઇડ ઇન્કમ માટે રાજસ્થાનીઓ મારફત 'બાટલીઓ' મંગાવી 'કટીંગ' કરવા નીકળ્યો પણ જલાઇ ગયોઃ અગાઉ પણ ગુનામાં સામેલ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૬**

રંગીલા રાજકોટ શહેરમાં દારૂની રેલમછેલ માત્ર તહેવારો વખતે નહિ પણ સામાન્ય દિવસોમાં પણ ન થાય એ માટે અને દારૂબંધીનો કડક અમલ કરાવવા માટે પોલીસ કમિશનર અને જોઇન્ટ પોલીસ કમિશનરના સીધા વડપણ હેઠળ કામ કરતી પીસીબી શાખા ફરીથી દારૂના ધંધાર્થીઓ પર તૂટી પડવા સક્રિય થઇ છે. તેના ભાગ રૂપે વધુ એક હેરાફેરીને અટકાવી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે કારખાનેદારને પકડી લીધો છે. તેની કારમાં અડધા લાખથી વધુનો દારૂ ભરેલો હતો. સાઇડમાં આવક ઉભી કરવા તેણે આ ધંધામાં ઝંપલાવ્યું હોવાનું રટણ કર્યુ હતું. બીજી તરફ દારૂ અને ચોરીઓના ગુનાઓમાં સામેલ ત્રણ શખ્સોને પોલીસ કમિશનરે પાસા હેઠળ જેલમાં ધકેલી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં દારૂની બદ્દી દુર કરવા અને ગેરકાયદેસર રીતે દારૂની હેરફેર થતી અટકાવવા અટકાવવા પીસીબીની ટીમ કાર્યરત હોઇ તે દરમિયાન જામનગર રોડથી ઘંટેશ્વર એસઆરપી કેમ્પ તરફ જતાં રોડ પર રત્નમ્ બંગલોઝ પાસે હેડકોન્સ. કરણભાઇ મારૂ અને રાહુલગીરી ગોસ્વામીની બાતમી પરથી વોચ રાખી જીજે૦૩એચકે-૨૯૭૩ નંબરની સ્વીફ્ટ કાર આંતરી લેવાઇ હતી. જેમાંથી રૂા. ૫૮૭૪૦નો બ્લેન્ડર્સ પ્રાઇડ, સિગ્નેચર, ઓલ સિઝન અને રોયલ સ્ટેગ બ્રાન્ડનો એકસો ચાર બોટલ દારૂ












ગુનેગારોને કાબૂમાં લેવા પોલીસ કમિશનરના પ્રયાસઃ બે વાહનચોર, એક બૂટલેગરને પાસામાં ધકેલાયાઃ આજીડેમ-પીસીબીએ કરી વોરન્ટ બજવણી

મળતાં તે કબ્જે કરી કાર ચાલક અક્ષય ઉર્ફ મુન્નો દિલીપભાઇ પંડ્યા (રહે. વર્ધમાનનગર ઓરમ કસ્તુરી એપાર્ટમેન્ટ એ-વીંગ, દસમો માળ ફ્લેટ નં. ૧૦૦૨)ને પકડી લીધો હતો. અક્ષય પાસેથી કાર, દારૂ, મળી કુલ રૂા. ૩,૪૮,૨૯૮નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

આ શખ્સ અગાઉ પણ ગુનામાં સંડોવાયો હતો. તે ફેબ્રીકેશનનું કારખાનુ ધરાવે છે અને સાઇડમાં કમાણી કરવા સાઇડમાં દારૂનો ધંધો ચાલુ કર્યો હતો. રાજસ્થાની શખ્સો આ દારૂ આપી ગયાનું રટણ કરતો હોઇ સાચી વિગતો ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અનુસાર પીસીબીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, રાજુભાઇ દહેકવાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડકોન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ, કરણભાઇ મારૂ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, રાહુલગીરી ગૌસ્વામી, ગિરીરાજસિંહ જાડેજા, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, કુલદિપસિંહ જાડેજા, દેવરાજભાઇ કળોતરા, નગીનભાઇ ડાંગર અને વાલજીભાઇ જાડાએ કરી હતી.

ગુનાખોરીમાં સામેલ વધુ ત્રણ શખ્સોને પોલીસ કમિશનરે પાસા તળે જેલમાં ધકેલી દીધા છે. જાણવા મળ્યા મુજબ રાજકોટના આજીડેમ પોલીસ મથક હેઠળના ગઢકા ગામે રહેતાં ત્રીસ વર્ષના રામુ કાંતિભાઇ બારૈયા અને ખેરડીગામે કેશાભાઇ નારણભાઇ પટેલની વાડીમાં રહેતાં મુળ જામગઢના ઓગણત્રીસ વર્ષના જયેશ દિલીપભાઇ દુધરેજીયાને પાસા તળે અમદાવાદ અને વડોદરા જેલમાં ધકેલી દેવાયા હતાં. આજીડેમ પોલીસ દ્વારા વાહનચોરી સહિતની ગેરકાયદે પ્રવૃતિમાં સંડોવાયા હોય તેવા શખ્સોનો ગુનાહિત ઇતિહાસ ઇ-ગુજકોપને આધારે ચેક કરતાં રામુ અને જયેશ વાહન ચોરીઓના ગુનામાં સંડોવાયા હોવાની વિગતો મળતાં પાસાની દરખાસ્ત પીસીબી ટીમની મદદ લઇ જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી.વી. જાદવની સુચના અનુસાર તૈયાર કરી હતી. આ દરખાસ્તને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી હતી.

આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઇ એ. બી. જાડેજા, પીએસઆઇ જનકસિંહ રાણા, લક્ષ્મણભાઇ મકવાણા, મેરૂભા ઝાલા તથા પીસીબીની ટીમ સહિતે વોરન્ટ બજવણી કરી બંનેને જેલહવાલે કરી દીધા હતાં.

જ્યારે દારૂના ગુનામાં સામેલ વધુ એક શખ્સને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસામાં ધકેલ્યો છે. નવાગામ આણંદપરમાં પટેલ વિહાર પાછળ ગણેશનગર સોસાયટી વછરાજ હોટેલ પાસે રહેતાં મુળ સાયલાના ધજાળાના ચોવીસ વર્ષના સંદિપ અનકભાઇ કરપડાને પાસામાં ધકેલવાની દરખાસ્ત મંજુર થતાં તેને વડોદરા જેલમાં ધકેલી દેવાયો છે. સંદિપ કરપડા વિરૂધ્ધ અગાઉ થોરાળા, કુવાડવા રોડ અને માલવીયાનગર પોલીસમાં દારૂના ગુના દાખલ થયા હતાં. વોરન્ટ બજવણી પીએસઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, રાજુભાઇ દહેકવાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડકોન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ, કરણભાઇ મારૂ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, રાહુલગીરી ગૌસ્વામી, ગિરીરાજસિંહ જાડેજા, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, કુલદિપસિંહ જાડેજા, દેવરાજભાઇ કળોતરા, નગીનભાઇ ડાંગર અને વાલજીભાઇ જાડાએ કરી હતી. આમ વધુ ત્રણ ગુનેગાર સામે પાસાનું શસ્ત્ર ઉગામાયું હતું.

સજાના વોરન્ટમાં ૯ મહિનાથી ફરાર બેને એલસીબી ઝોન-૨એ પકડયા

શહેરના મવડી રોડ પર દ્વારકાધીશ સોસાયટી-૧માં રહેતાં હેમતભાઇ નગીનભાઇ રાજપરા નામના સાઇઠ વર્ષના વૃધ્ધ અને એસટી વર્કશોપ પાછળ પીએન્ડટી કોલોનીમાં રહેતાં ચાલીસ વર્ષના રાજેશ રામજીભાઇ દેવરા વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ સજાનું વોરન્ટ નીકળ્યા બાદ બંને નવ મહિનાથી ફરાર હોઇ તેને એલસીબી ઝોન-૨ની નાસતા ફરતાં સ્કવોડની ટીમે પકડી માલવીયાનગર પોલીસને સોંપ્યા છે. ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અનુસાર પીએસઆઇ આર. એચ. ઝાલા, હેડકોન્સ. રાહુલભાઇ વ્યાસ, કોનસ. કનુભાઇ બસીયા, વિજયભાઇ ઝુંઝાએ આ કાર્યવાહી કરી હતી.